RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 362 Dt. 07-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

## તેહરાનમાં જનસૈલાબ ખામેનેઈને અલવિદા

### અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનું પૂતળું ફૂંકાયું : ઈરાનનું શક્તિ પ્રદર્શન : બદલો લેવાની માંગ સાથે લાલ ઝંડાઓ લહેરાવાયા

નવીદિલ્હી,તા.૬

ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા (સુપ્રીમ લીડર) અયાતુલ્લા અલી ખામેનેઈની અંતિમ યાત્રા સોમવારે સવારે રાજધાની તેહરાનના પ્રખ્યાત ઈમામ હુસૈન સ્ક્વેરથી શરૂ થઈ હતી. આ ઐતિહાસિક અંતિમ યાત્રાની શરૂઆત ઈરાનનું રાષ્ટ્રગીત વગાડીને કરવામાં આવી હતી. સવારથી જ હજારોની સંખ્યામાં લોકોનું મહેરામણ સડકો પર ઉમટી પડ્યું હતું. ખામેનેઈના પાર્થિવ દેહ (તાબૂત) ને તેહરાનના મુખ્ય માર્ગો પરથી લઈ જવામાં આવી રહ્યો છે, જ્યાં લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે.



તેહરાનમાં યોજાયેલી અયાતુલ્લા અલી ખામેનેઈની આ અંતિમ યાત્રામાં લાખો લોકો જોડાયા હતા. એક અંદાજ મુજબ, એક સમયે તેહરાનની સડકો પર ૫૦ લાખથી વધુ લોકો હાજર હતા. જોકે, આ અંગે કોઈ સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરો અને વીડિયોમાં તેહરાનની સડકો પર માનવ મહેરામણ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઈરાની અધિકારીઓનું માનવું છે કે, આ ભીડ ચાર દાયકા (૪૦ વર્ષ) પહેલાં તેમના પૂર્વગામી નેતા અયાતુલ્લા રૂહોલ્લાહ ખુમૈનીના અંતિમ સંસ્કાર સમયે એકઠી થયેલી ભીડ જેટલી જ વિશાળ છે.

તેહરાનના ગ્રાન્ડ મોસાલા ધાર્મિક પરિસરમાં બે દિવસ સુધી પાર્થિવ દેહને દર્શન માટે રાખ્યા બાદ, સોમવારે ખામેનેઈનો મૃતદેહ વિશાળ જનમેદની સાથે રાજધાનીમાં તેની અંતિમ યાત્રા પર નીકળ્યો હતો. જ્યારે તાબૂત સડકો પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે લોકો તેના પર ફૂલોની વર્ષા કરી રહ્યા હતા. રસ્તાની બંને બાજુ ઉભેલા લોકો ઈરાન અને હિઝબુલ્લાહના ઝંડાઓની સાથે 'બદલો લેવાના પ્રતીક' સમાન લાલ ઝંડાઓ પણ લહેરાવતા જોવા મળ્યા હતા. ઈરાનની સરકારી મીડિયા અનુસાર, તેહરાનના ઈમામ હુસૈન સ્ક્વેર પર જમા થયેલા લોકોએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું પૂતળું લટકાવીને તેને ફૂંકી માર્યું હતું અને અનેક લોકોએ નેતાના મોતનો બદલો લેવાની કસમ ખાધી હતી. આ જુલૂસમાં ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદ પણ સામેલ જોવા મળ્યા હતા. આકરી ગરમીથી રાહત આપવા ભીડ પર પાણીનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો.

અયાતુલ્લા અલી ખામેનેઈના અંતિમ સંસ્કારને ઈરાનના આંતરરાષ્ટ્રીય શક્તિ પ્રદર્શન તરીકે પણ જોવામાં આવી રહ્યો છે. જોકે, આ શક્તિ પ્રદર્શન વચ્ચે ઈરાનના નવા સુપ્રીમ લીડર 'મોજતબા ખામેનેઈ' ની ગેરહાજરીએ અનેક મોટા સવાલો ઊભા કર્યા છે. પિતાની હત્યા બાદ મોજતબાને સુપ્રીમ લીડર જાહેર કરાયા હતા, પરંતુ તેઓ હજુ સુધી જાહેરમાં ક્યાંય દેખાયા નથી. ઈઝરાયેલે દાવો કર્યો છે કે હવાઈ હુમલામાં મોજતબા ખામેનેઈ કાં તો માર્યા ગયા છે અથવા તો ગંભીર રીતે ઘાયલ છે. જ્યારે ઈરાનનો બચાવ છે કે નવા સર્વોચ્ચ નેતા સુરક્ષા કારણોસર જાહેરમાં આવવાનું ટાળી રહ્યા છે. રવિવારે અંતિમ સંસ્કારની વિધિઓમાં અલી ખામેનેઈના અન્ય ત્રણ દીકરાઓ હાજર હતા, પરંતુ મોજતબા ગેરહાજર રહ્યા હતા.

આ અંતિમ યાત્રાનો કાર્યક્રમ અનેક દિવસો સુધી ચાલશે, જેમાં ખામેનેઈના પાર્થિવ દેહને ઈરાન અને ઈરાકના વિવિધ પવિત્ર શહેરોમાંથી પસાર કરવામાં આવશે. સોમવારના તેહરાન જુલૂસ બાદ, મંગળવારે ધાર્મિક કેન્દ્ર 'કોમ' (Qom) માં અને બુધવારે ઈરાકના પવિત્ર શહેરો 'નજફ' અને 'કર્બલા' માં આવા જ શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાશે. અંતમાં, ગુરુવારે ઉત્તર-પૂર્વીય ઈરાનમાં આવેલા ખામેનેઈના વતન મશહદ ખાતે સંપૂર્ણ સન્માન સાથે તેમની દફનવિધિ કરવામાં આવશે.

## મણિપુરમાં ઉગ્રવાદીઓનો હુમલો : બે જવાન શહીદ

નવી દિલ્હી, તા.૬

મણિપુરના ઉખરુલ જિલ્લામાં સોમવારે એક મોટી હિંસક ઘટના સામે આવી છે. અહીં શંકાસ્પદ ઉગ્રવાદીઓએ ૪૦ આસામ રાઈફલ્સના કાફલા પર ઘાતકી હુમલો કર્યો હતો, જેમાં સેનાના બે વીર જવાનો શહીદ થયા છે. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા મુજબ, કાફલો જ્યારે પોતાના કેમ્પથી પોલીસ સ્ટેશન તરફ જઈ રહ્યો હતો ત્યારે શાંગશાક પાસે આવેલ નુંગશાંગ કોંગ ગામ નજીક આ હુમલો થયો હતો. ઉગ્રવાદીઓએ રસ્તામાં એક પુલની બંને બાજુ અગાઉથી જ ત્રણ IED બોમ્બ લગાવ્યા હતા. કાફલો પસાર થતાં જ બે બોમ્બ બ્લાસ્ટ થયા હતા અને ત્યારબાદ ચારેય તરફથી કાફલા પર આડેધડ ગોળીબાર શરૂ થઈ ગયો હતો. જવાનોએ પણ તુરંત સ્થિતિનો તાગ મેળવીને જવાબી ફાયરિંગ કર્યું હતું, જે આશરે એક કલાક સુધી ચાલ્યું હતું. તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી એક જીવતો બોમ્બ પણ મળી આવ્યો છે. આ કાયરતાપૂર્ણ હુમલામાં વારન્ટ ઓફિસર બલવંત સિંહ અને રાઈફલમેન સીએમ સિંહ શહીદ થયા છે. હુમલા બાદ વિસ્તારમાં સુરક્ષા દળો દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

આ કાયરતાપૂર્ણ હુમલા પર આક્રોશ વ્યક્ત કરતા મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ જણાવ્યું હતું કે, આવા હુમલાઓની સમાજમાં કોઈ જગ્યા નથી અને આ કૃત્ય શાંતિ તથા સુરક્ષા જાળવી રાખવાના સરકારના સંકલ્પને નબળો પાડી શકે નહીં. જ્યારે રાજ્યના ગૃહમંત્રી ગોવિંદદાસ કોન્થૌજમે પણ જણાવ્યું કે આવા હુમલા રાજ્યમાં સામાન્ય સ્થિતિ બહાલ કરવાના પ્રયાસોને નુકસાન પહોંચાડે છે. તેમણે ખાતરી આપી હતી કે સુરક્ષા દળો જવાબદારોને કડક સજા અપાવવા માટે તમામ જરૂરી પગલાં લેશે. બીજી તરફ, મણિપુરના કાંગપોકપી જિલ્લામાં કાંગચુપ પોલીસ સ્ટેશન હેઠળ આવતા ફાએંગ વિસ્તારના ચિરુ ગામમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે પગપાળા પેટ્રોલિંગ કરી રહેલા મણિપુર પોલીસના જવાનોએ સર્ચ ઓપરેશન દરમિયાન એક શંકાસ્પદ IED બોમ્બ અને સ્થાનિક સ્તરે બનેલા ચાર મોર્ટાર શેલ જપ્ત કરીને સંભવિત હુમલાને નિષ્ફળ બનાવ્યો છે.



**બે બોમ્બ બ્લાસ્ટ-આડેધડ ગોળીબાર : ઉખરુલ જિલ્લામાં ૪૦ આસામ રાઈફલ્સના કાફલા પર સુઆયોજિત હુમલો**

### વંશીય હિંસામાં ૨૬૦ના મોત

આ હિંસક ઘટના એવા સમયે બની છે જ્યારે થોડા દિવસો પહેલા જ ઉખરુલ જિલ્લામાં નવી સૈન્ય ચોકી બનાવવાના પ્રસ્તાવ સામે સ્થાનિકો અને સુરક્ષા દળો વચ્ચે હિંસક ઝપાઝપી થઈ હતી, જેમાં ચાર નાગરિકો ઘાયલ થયા હતા. નોંધનીય છે કે, મણિપુરમાં મે ૨૦૨૩ થી શરૂ થયેલી વંશીય હિંસામાં અત્યાર સુધીમાં ૨૬૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને હજારો લોકો બેઘર થયા છે. હાલમાં સમગ્ર વિસ્તારમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે અને ગુનેગારોને પકડવા માટે સઘન કોમ્બિંગ ઓપરેશન ચાલુ છે.

## દિલ્હીમાં આતંકવાદ ફેલાવવાનું કાવતરું નિષ્ફળ

### સ્પેશિયલ સેલે ભટ્ટી ગેંગના બે આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો, છની ધરપકડ કરી

નવીદિલ્હી, તા. ૭

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ગેંગસ્ટર શહજાદ ભટ્ટી સાથે જોડાયેલા બે કથિત પાકિસ્તાન સમર્થિત મોડ્યુલનો પર્દાફાશ કરવામાં મોટી સફળતા મેળવી છે. સ્પેશિયલ સેલે આ ગેંગનો પર્દાફાશ કર્યો અને છ લોકોની ધરપકડ કરી. એક પોલીસ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે એક મોડ્યુલને પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ દ્વારા પેટ્રોલ બોમ્બનો ઉપયોગ કરીને દિલ્હીમાં આતંકવાદી હુમલો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જ્યારે બીજું કથિત રીતે ડ્રોનનો ઉપયોગ કરીને સરહદ પારથી ભારતમાં દાણચોરી કરાયેલા હથિયારો પ્રાપ્ત કરવા અને વેચવામાં સામેલ હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીઓને શહજાદ ભટ્ટીના પાકિસ્તાન સ્થિત સહયોગીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું હતું અને તેઓ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) ના ઈશારે કામ કરી રહ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સ્પેશિયલ સેલે બંને મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો અને અલગ અલગ FIR નોંધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પહેલું મોડ્યુલ પાકિસ્તાન સ્થિત રાણા હુનૈન દ્વારા સંચાલિત હતું, જે ભટ્ટીનો કથિત સહયોગી હતો. અધિકારીએ કહ્યું કે તેને પેટ્રોલ બોમ્બનો ઉપયોગ કરીને દિલ્હીમાં એક મહત્વપૂર્ણ સ્થાપન અથવા પોલીસ સ્થાપના પર હુમલો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના રહેવાસી બે આરોપીઓ, દાનિશ ઉર્ફે ચાંદ મિયા (૨૪) અને સલમાન (૨૦) ને દિલ્હીના વિજય ઘાટ વિસ્તારમાંથી કાવતરું અંજામ આપે તે પહેલાં જ ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી ત્રણ પેટ્રોલ બોમ્બ, એક ચોરાયેલી મોટરસાઈકલ, ૨,૦૦૦ રૂપિયા રોકડા અને પાકિસ્તાની હેન્ડલર સાથે કથિત વાતચીત, ફોટોગ્રાફ્સ અને વીડિયો ધરાવતા મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે હુમલાખોરને સફળતાપૂર્વક હુમલો કર્યા પછી ૨૦,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપવામાં આવ્યું હતું અને તે પાકિસ્તાનમાં તેના હેન્ડલર પાસેથી ફોન પર સૂચનાઓ મેળવી રહ્યો હતો.

### SIR અભિયાન હેઠળ ડ્રાફ્ટ યાદી જાહેર : તેર પ્રદેશમાંથી ૬ કરોડ નામ હટાવાયા

## SIRમાંથી ૨૨ લાખ નામ ડીલીટ

નવી દિલ્હી, તા.૬

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાતા યાદીની સુધારણા અને વૈધતા ચકાસવા માટે દેશભરમાં ચલાવવામાં આવી રહેલા SIR (Special Intensive Revision) અભિયાન અંતર્ગત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ તાજેતરમાં ચૂંટણી પંચે દેશના ચાર રાજ્યોની ડ્રાફ્ટ મતદાતા યાદી સત્તાવાર રીતે જાહેર કરી દીધી છે. જેમાં ઓડિશા, મણિપુર, મિઝોરમ અને સિક્કિમમાં મોટા પાયે ફેરફારો જોવા મળ્યા છે અને આ ચાર રાજ્યોમાંથી જ ૨૨ લાખથી વધુ લોકોના નામ મતદાતા યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આ કાર્યવાહી આખરી નથી. જે નાગરિકોના નામ આ ડ્રાફ્ટ લિસ્ટમાંથી હટાવવામાં આવ્યા છે, તેમને પોતાનું નામ ફરીથી યાદીમાં સામેલ કરાવવા માટે પંચ દ્વારા એક યોગ્ય તક આપવામાં આવશે. આ પ્રક્રિયા અને અપીલ પૂર્ણ થયા બાદ જ આ રાજ્યોની અંતિમ અને ફાઈનલ મતદાતા યાદી જાહેર કરવામાં આવશે.

ચૂંટણી પંચે આ વિશેષ સુધારણા એટલે કે જીઈછ અભિયાનની શરૂઆત ગયા વર્ષે જૂન મહિનામાં કરી હતી. પાછલા એક વર્ષથી ચાલી રહેલા આ સઘન અભિયાન અંતર્ગત દેશભરમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૩ રાજ્યોમાંથી અંદાજે ૬ કરોડ જેટલા નામો વોટર લિસ્ટમાંથી હટાવી દેવામાં આવ્યા છે. આ અભિયાન બિહાર, પશ્ચિમ બંગાળ, અસમ અને ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યોમાં પહેલેથી જ પૂર્ણ થઈ ચૂક્યું છે. વિવિધ રાજ્યોના આંકડાઓ પર નજર કરીએ તો અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવે છે. આ રાજ્યોમાં મોટા પાયે નામો ડીલીટ કરવામાં આવ્યા છે, જેમાં એકલા બિહારમાંથી ૬૫ લાખ, પશ્ચિમ બંગાળમાંથી ૩૭ લાખ અને ઉત્તર પ્રદેશમાંથી ૨૫ લાખ મતદાતાઓના નામ રદ કરી દેવામાં આવ્યા છે.



ચૂંટણી પંચનું આ સફાઈ અભિયાન અટક્યું નથી અને હાલમાં દેશના અન્ય ૧૬ રાજ્યો તેમજ ૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વોટર લિસ્ટને નવેસરથી અને પારદર્શક રીતે તૈયાર કરવા માટે SIR અભિયાન પુરજોશમાં ચલાવવામાં આવી રહ્યું છે. આ રાજ્યોની યાદીમાં આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગાણા અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. રાજ્યો ઉપરાંત રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી તેમજ દમણ અને દીવ જેવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ વહીવટીતંત્ર દ્વારા આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે. દેશમાં મતદારોની વૈધતા (Legitimacy) અને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા તપાસવા માટે આ SIR અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ મામલે દેશની સર્વોચ્ચ અદાલતે પણ ચૂંટણી પંચની કાર્યવાહીને સમર્થન આપ્યું છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે મે ૨૦૨૬માં આપેલા પોતાના એક મહત્વપૂર્ણ ચુકાદામાં આ પ્રક્રિયાને સંપૂર્ણપણે યોગ્ય ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, ચૂંટણી પંચને મતદાતા યાદીની સુધારણા કરવાનો અને બોગસ નામો હટાવવાનો સંપૂર્ણ અધિકાર છે. જોકે, આ કડક કાર્યવાહીનો રાજકીય મોરચે ભારે વિરોધ થઈ રહ્યો છે. તાજેતરમાં જ ઈન્ડિયા (INDIA) ગઠબંધનમાં સામેલ ૨૩ જેટલી વિપક્ષી પાર્ટીઓએ આ SIR મામલે દેશના ચીફ જસ્ટિસને એક સંયુક્ત પત્ર લખ્યો છે. આ વિપક્ષી પક્ષોનો સીધો આરોપ છે કે, ચૂંટણી પંચની આ SIR પ્રક્રિયા પારદર્શક નથી અને આ સમગ્ર અભિયાન મનસ્વી રીતે ચલાવવામાં આવી રહ્યું છે.

## ચીનનું પ્રશાંત મહાસાગરમાં પરમાણુ મિસાઈલ પરીક્ષણ

### જાપાન સહિતના દેશોએ ગંભીર ચિંતા વ્યક્ત કરી, જ્યારે ચીને આ પરીક્ષણને માત્ર 'વાર્ષિક તાલીમ'નો ભાગ ગણાવ્યો



નવી દિલ્હી, તા.૬

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) નેવી દ્વારા તાજેતરમાં પ્રશાંત મહાસાગરમાં એક પરમાણુ સબમરીનમાંથી ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) નું અત્યંત સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચાવી દીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ પરીક્ષણ દરમિયાન ડમી વોરહેડ ધરાવતી આ મિસાઈલ પ્રશાંત મહાસાગરમાં તેના નિર્ધારિત લક્ષ્ય પર એકદમ ચોકસાઈપૂર્વક ત્રાટકી હતી. સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોના મતે, આ પરીક્ષણ ચીનની અત્યંત ઘાતક મનાતી JL-3 (જુલાંગ-૩) સબમરીન લોન્ચ બેલિસ્ટિક મિસાઈલનું હોવાનું પ્રબળ અનુમાન છે. આ સફળ પરીક્ષણના પગલે ચીનની 'ન્યૂક્લિયર ટ્રાયડ' એટલે કે જમીન, હવા અને સમુદ્ર એમ ત્રણેય જગ્યાએથી પરમાણુ હુમલો કરવાની ક્ષમતા હવે અત્યંત મજબૂત અને ખતરનાક બની ગઈ છે.

આ મિસાઈલ અને ચીનની નૌકાદળની મારક ક્ષમતા પર નજર કરીએ તો, પરીક્ષણ કરાયેલી JL-3 એ ત્રીજી પેઢીની અત્યાધુનિક મિસાઈલ છે. તેની મારક ક્ષમતા અંદાજિત ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ કિલોમીટરથી પણ વધુ હોવાનું માનવામાં આવે છે. આનો સીધો અર્થ એ છે કે ચીન હવે સમુદ્રના ઊંડા પેટાળમાંથી દુનિયાના કોઈપણ હિસ્સામાં રહેલા દુશ્મનને સરળતાથી નિશાન બનાવી શકે છે. ચીન પાસે હાલમાં Type 094, Type 094A અને અન્ય નવી પેઢીની અત્યંત વ્યૂહાત્મક પરમાણુ સબમરીનનો કાફલો છે. આ સબમરીન લાંબા સમય સુધી પાણીની અંદર છુપાઈને રહેવાની અદભુત ક્ષમતા ધરાવે છે, જેના કારણે દુશ્મન દેશોના રડાર માટે તેને શોધવી લગભગ અશક્ય બની જાય છે. નોંધનીય છે કે, અગાઉ વર્ષ ૨૦૨૪માં ચીને જમીન પરથી પણ ICBM નું સફળ પરીક્ષણ કર્યું હતું. હવે સમુદ્રમાંથી આ મિસાઈલ લોન્ચ કરીને ચીને પોતાની જવાબી હુમલો કરવાની સૈન્ય તાકાત અને ન્યૂક્લિયર ટ્રાયડ ક્ષમતા આખી દુનિયા સામે સાબિત કરી દીધી છે.

ચીનના આ શક્તિ પ્રદર્શન બાદ હિંદ-પ્રશાંત (ઈન્ડો-પેસિફિક) ક્ષેત્રમાં ભૌગોલિક રાજકીય તણાવમાં અચાનક વધારો જોવા મળી રહ્યો છે. પડોશી દેશ જાપાન દ્વારા આ અંગે અત્યંત ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, કારણ કે જાપાનના જણાવ્યા અનુસાર આ મિસાઈલ તેમના ક્ષેત્ર પરથી પસાર થઈ હતી. જોકે, આંતરરાષ્ટ્રીય ચિંતાઓ અને વિરોધ વચ્ચે ચીને પોતાનો બચાવ કરતા નિવેદન આપ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ પરીક્ષણ માત્ર એક સામાન્ય પ્રક્રિયા અને સૈન્યની વાર્ષિક તાલીમનો જ એક ભાગ હતો. તેમણે દાવો કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ સંબંધિત દેશોને આ અંગે અગાઉથી જ જાણ કરી દેવામાં આવી હતી અને આ પરીક્ષણ કોઈ પણ ચોક્કસ દેશને નિશાન બનાવીને કરવામાં આવ્યું નથી. વધુમાં, ચીને પોતાની પરમાણુ નીતિને સંપૂર્ણપણે રક્ષણાત્મક ગણાવતા ઉમેર્યું હતું કે, ચીન ક્યારેય પણ કોઈની પર સામેથી પહેલો પરમાણુ હુમલો નહીં કરે.

# કોરીયન ટેકનોલોજીથી બનશે 'એર-ફિલ્ડ રબર ડેમ'

## છોટાઉદેપુરના રાજવાસણા હેરણ નદી પર ૮૨ કરોડથી વધુના ખર્ચે તેમજ તાપીની અંબિકા નદી પર ૭૯ કરોડથી વધુના ખર્ચે બે આધુનિક રબર ડેમ નિર્માણાધિન

ગાંધીનગર, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાનને વધુ વેગ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી સિંચાઈ અને પાણીની સુવિધા સુદ્રઢ કરવાના ધ્યેય સાથે અનેકવિધ ભગીરથ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ નજીક હેરણ નદી પર અત્યાધુનિક 'રાજવાસણા રબર ડેમ' તેમજ તાપી જિલ્લામાં ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે અંબિકા નદી પર આમ બે આધુનિક રબર ડેમ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે જે હાલમાં નિર્માણાધિન છે.



જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શનમાં રાજવાસણા ખાતે અંદાજે રૂ. ૮૨.૯૭ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર આ અનોખો રબર ડેમ આગામી ૩૦ મહિના એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આ ડેમ તૈયાર થવાથી આજુબાજુના ૨૫ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે સીધો ફાયદો થશે. જ્યારે તાપીની અંબિકા નદી પર પાઠકવાડી ગામે રૂ. ૭૯ કરોડથી વધુના ખર્ચે જાપાનીઝ ડિઝાઈન આધારિત અદ્યતન 'રબર ડેમ' તૈયાર કરવામાં આવી રહ્યા છે.. આ ડેમ તૈયાર થવાથી અંદાજે ૬૫૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે જેનો સીધો ફાયદો સ્થાનિક ખેડૂતોને થશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત હેરણ નદી પર ૧૮૦ મીટરની લંબાઈ અને ૩.૫ મીટરની ઉંચાઈ ધરાવતું આધુનિક રબર બ્લેડર સ્થાપિત કરવામાં આવશે. આ રબર ડેમ ટેકનોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તેનાથી હયાત જુના આડબંધની પાણી સંગ્રહ ક્ષમતામાં અભૂપૂર્વ વધારો થશે અને કુલ ૩.૫ મિલિયન ક્યુબિક મીટર-ખઈખ પાણીનો જથ્થો સંગ્રહિત કરી શકાશે. જેના પરિણામે આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સ્તર ખૂબ ઊંચા આવશે જેથી સરળતાથી સિંચાઈ અને પીવાનું પાણી ઉપલબ્ધ થશે. હાલની સ્થિતિએ આ ડેમનું ૭૫ ટકા કામ પૂર્ણ થયું છે.

જુના આડબંધમાં જમા થતી રેતી અને કાંપને કારણે પાણીની સંગ્રહ ક્ષમતા ઘટતી હતી, હવે રબર ડેમ પદ્ધતિથી આ સિલ્ટનો સંપૂર્ણ નિકાલ શક્ય બનશે. પૂરથી રક્ષણ (**Flood Control**): ચોમાસા દરમિયાન ભારે પૂરની સ્થિતિમાં રબર ડેમને 'ડીફ્લેટ' (હવા કાઢીને બેસાડી) કરી શકાશે, જેથી પૂરના પાણીનો ઝડપી નિકાલ થતાં આસપાસના ગામોને નુકસાનથી બચાવી શકાશે. નદીના ડાબા કાંઠે ૯૦૦ મીટર અને જમણા કાંઠે ૫૦૦ મીટર લાંબી ફ્લડ પ્રોટેક્શન વોલ (સંરક્ષણ કાર્ય) પણ કરવામાં આવશે. આ કોન્ટ્રાક્ટમાં જ આગામી ૧૦ વર્ષ સુધી ઓપરેશન અને મેઈન્ટેનન્સ (ઘખ) નો સમાવેશ થાય છે, જેથી ટેકનિકલ સુવિધા અવિરત કાર્યરત રહેશે તેવું મનાય છે.

૨૫ ગામોના ૩૪૨૦ હેક્ટર વિસ્તારને મળશે સંજીવનીઃ આ રબર ડેમ સાકાર થવાથી આડબંધ આધારિત નહેરો દ્વારા વિસ્તારના ખેડૂતોને રવી (શિયાળુ) અને ખરીફ (ચોમાસુ) એમ બંને સિઝનમાં ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે. એટલું જ નહીં, ભવિષ્યમાં રાજવાસણા આડબંધ યોજનાની નહેરોને આસપાસના ૨૫ જેટલા લાભદાયી ગામોના તળાવો સાથે જોડી દેવામાં આવશે.

આ વધારાના પાણીથી ગામના તળાવો ભરાતા સમગ્ર પંથકમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા કાયમ માટે ભૂતકાળ બની જશે.

પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર અને બારેમાસ વહેતી નદીઓ ધરાવતા દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં જળસંચય ક્ષેત્રે એક ઐતિહાસિક અને આધુનિક ક્રાંતિ થવા જઈ રહી છે. તાપી જિલ્લાના અંતરિયાળ એવા ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામ પાસેથી પસાર થતી અંબિકા નદી પર સરકાર દ્વારા ₹૭૯.૧૩ કરોડના ખર્ચે અદ્યતન 'એર-ફિલ્ડ રબર ડેમ' (હવા ભરેલા ડેમ) બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યોજના સાકાર થતાં પાઠકવાડી સહિત ઢોડીયાવાડ, ઉનાઈ અને સિંધઈ જેવા ગામોના ખેડૂતોને ખરીફ તેમજ ઉનાળુ પાક માટે પૂરતું પાણી મળી રહેશે.વર્તમાનમાં આ ડેમની ૯૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

### ૬૫૦ હેક્ટર જમીનને સંજીવની અને કુવાઓના સ્તરમાં વધારો

આ આધુનિક રબર ડેમ થકી આશરે ૩.૫૦ લાખ ઘન મીટર (૩.૫૦ **MCM**) જેટલા વિશાળ પાણીના જથ્થાનો સંગ્રહ થશે. જેના સીધા ફાયદા સ્વરૂપે આસપાસની ૬૫૦ હેક્ટર જમીન સીંચાઈ હેઠળ આવશે. એટલું જ નહીં, આસપાસના વિસ્તારોના કૂવા અને બોરના ભૂગર્ભ જળસ્તર ઊંચા આવતા સ્થાનિક લોકોને પીવાના શુદ્ધ પાણીની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. ભવિષ્યમાં આ ટેકનોલોજી દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં ભળતું અટકાવવા 'ટાઇડલ રેગ્યુલેટર' તરીકે પણ અત્યંત ઉપયોગી સાબિત થશે.

### ચોમાસામાં પૂર અને જમીન ધોવાણ અટકશેઃ

પરંપરાગત સ્ટીલ ગેટેડ ડેમની સરખામણીએ રબર ડેમ ચોમાસામાં પૂર દરમિયાન નદીના પ્રવાહને બિલકુલ અવરોધતો નથી, જેથી કાંઠાની જમીનનું ધોવાણ અટકશે. ઉપરાંત, રબરની હવા નીકાળી દેતાં નદીમાં તણાઈ આવતો કાંપ આસાનીથી વહી જશે, જેના કારણે ડેમની જળસંગ્રહ ક્ષમતા વર્ષો સુધી જળવાઈ રહેશે.

### ભૌગોલિક પડકાર સામે આધુનિક ટેકનોલોજીનો ઉત્કૃષ્ટ ઉપાય

તાપી જિલ્લાનો આ વિસ્તાર સમતળ હોવાના કારણે અને નદીના કાંઠા નીચા હોવાના કારણે અહીં પરંપરાગત રીતે વધારે ઊંચાઈ ધરાવતા ચેકડેમ કે વીયર સ્ટ્રક્ચરનું બાંધકામ શક્ય નહોતું. સ્થાનિક ખેડૂત આગેવાનો અને વ્યારાના ધારાસભ્ય મોહનભાઈ કોંકણીની રજૂઆતને પગલે વિભાગ દ્વારા સર્વેક્ષણ હાથ ધરાયું હતું. જેમાં પરંપરાગત બેરેજના બદલે વધુ જળસંગ્રહ ક્ષમતા ધરાવતી જાપાનીઝ ટેકનોલોજીનો 'એર-ફિલ્ડ રબર ડેમ' બનાવવાનો નવતર નિર્ણય લેવામાં આવ્યો છે.

### જાપાનીઝ ડિઝાઈન અને કોરીયન રબર બ્લેડરની ખાસિયતઃ

આ અનોખા ડેમની સંપૂર્ણ ડિઝાઇન જાપાનીશ કોડ ૨૦૦૦ મુજબ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં વપરાનાર ખાસ પ્રકારનું રબર બ્લેડર દક્ષિણ કોરિયાથી મંગાવવામાં આવ્યું છે, જેની જાડાઈ ૧૮ **MM** થી ૩૨ **MM** સુધીની છે. આ રબર બ્લેડર ૫૦ ડિગ્રીથી વધુ તાપમાનમાં પણ ઉત્તમ કામગીરી આપવા સક્ષમ છે અને તેનો આયુષ્યકાળ અંદાજીત ૩૦ વર્ષ જેટલો લાંબો છે.

### SCADA ઓટોમેશન થી થશે સંચાલનઃ

આ ડેમની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે તેમાં કોઈ મેનપાવર (માણસો) વગર **SCADA** ઓટોમેશન સીસ્ટમ દ્વારા કમ્પ્યુટરથી જ રબર બ્લેડરમાં હવા ભરવાનું (ઈન્ફ્લેટ) અને હવા ખાલી કરવાનું (ડિફ્લેટ) કાર્ય આસાનીથી થઈ શકશે. ૨.00 મીટરના કોન્ક્રીટ બેઝ ઉપર ૨.૫૦ મીટરનું રબર બ્લેડર **"J"** બોલ્ટથી ફિક્સ કરાશે, જેથી ડેમની કુલ ઊંચાઈ ૪.૫૦ મીટર અને કુલ લંબાઈ ૨૮૦ મીટર (૪ સ્પાન) થશે.

---

### ૧૬૨ છાત્રાલયોની ૧૫,૬૧૮ બેઠકોમાં પ્રવેશ ફાળવવામાં આવશે

# સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રવેશ ઓનલાઇન કરાશે મેરિટ યાદી જાહેર

ગાંધીનગર, તા.૬

રાજ્યની સરકારી-સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા તેમજ રાજ્ય મંત્રી ડો. મનિષા વકીલની ગરિમામય ઉપસ્થિતિમાં આવતીકાલ તા. ૦૭, જુલાઇના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઓનલાઇન મેરિટ યાદી જાહેર કરાશે. રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના વિવિધ સરકારી-સમરસ છાત્રાલયોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આવતીકાલ સવારે ૧૧:૦૦ કલાકે ડિજિટલ માધ્યમથી સમગ્ર મેરીટ પ્રસિદ્ધિની પારદર્શી પ્રક્રિયા સોશિયલ મીડિયાના માધ્યમથી લાઈવ પ્રસારિત કરવામાં આવશે, જેથી દરેક વિદ્યાર્થી અને વાલી ઘરે બેઠા આ પારદર્શી પ્રક્રિયાના સાક્ષી બની શકશે.




આ વર્ષે રાજ્યભરના કુલ ૧૬૨ સરકારી અને સમરસ છાત્રાલયોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે, જેમાં કુલ ૧૫,૬૧૮ વિદ્યાર્થીઓને મેરિટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. સરકારની આ કલ્યાણકારી યોજનાના લીધે અંતરિયાળ વિસ્તારના અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં મોટી મદદ મળશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કાર્યરત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી દ્વારા સંચાલિત છાત્રાલયોમાં પ્રવેશ માટે અગાઉ ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવી હતી. આ પ્રવેશ પ્રક્રિયાને આખરી ઓપ આપવા માટે ગાંધીનગર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તેવું સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગની યાદીમાં જણાવ્યું છે.

---

# રાજ્ય સરકાર આપશે ડેસ્ટીનેશન વેડીંગની સુવિધા

### પંડિતોથી લઈ હનીમુન સુધીના પેકેજ બનાવાયા

રાજકોટ,તા.૬

રાજ્ય સરકારે એનઆરઆઈ ખાસ કરીને ગુજરાતી એનઆરઆઈ તથા વિદેશમાં વસી ગયેલા ગુજરાતીઓ તેમના સંતાનોના લગ્ન-યજ્ઞોપવિત જેવા કાર્ય માટે ગુજરાતમાં આવે તે માટે હવે રાજયમાં વેડીંગ ઈન્ડસ્ટ્રીઝને ખાસ મહત્વ આપવા તૈયારીઓ કરી છે અને આ માટે હોટેલ, રીસોર્ટ તથા ટોચના વેડીંગ પ્લાનર જે પણ એક ઉદ્યોગ બની ગયો છે. સૌ પ્રથમ તો એ પ્રશ્ન પૂછે કે વિદેશમાં વસતા ગુજરાતીઓનું જે લગ્ન બજેટ તગડું હોય અને ભારતમાં તે લગ્ન કરવા માંગતા હોય તો પણ કેરળથી ગોવા કે રાજસ્થાન પસંદ કરે છે તે કડવી છતા વાસ્તવિકતા છે પણ હવે રાજયમાં વિશાળ દરિયાકિનારે આ પ્રકારના ડેસ્ટીનેશન વેડીંગ માટે ખાસ સ્થળો તૈયાર કરવા રાજયમાં ૧૦ એવા સ્થળો જે સાપુતારાથી સાસણગીર કે પછી માધવપુર ઘેડથી શિવરાજપુર બીચ આ તમામમાં તૈયાર કરશે. જેમાં હિન્દુ વિધિ મુજબ લગ્ન માટે પંડિતો સહિતનું પેકેજ તથા હનીમુન ટુર પણ સામેલ કરાશે તથા સલામત-મેડીકલ સહિતની સુવિધા રોડ કનેકટીવીટી પણ ખાસ જોવાશે.

આ માટે સરકાર વિવિધ બજેટના લગ્ન માટે ખાસ પેકેજ આપશે અને રૂા.૫ કરોડ સુધીનું પેકેજ હશે. આ માટે 'વેડ-ઈન-ગુજરાત' એ બ્રાન્ડ બનાવાશે. આ માટે સરકાર એક ખાસ વિભાગ ટુરીઝમ વિભાગ હેઠળ રચશે અને તેમાં લગ્ન વિધિમાં વિદેશી કાનુનો મુજબ પણ માન્યતા મળે તે નિશ્ચિત કરશે.

---

# ધો.૧૦-૧૨ પૂરક પરીક્ષા ગુણચકાસણી માટે વિદ્યાર્થીઓ માટે તારીખ જાહેર

### તા.૬ થી ૧૩ સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી લેવા તાકીદ

ગાંધીનગર, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જૂન-૨૦૨૬માં યોજાયેલ ધોરણ-૧૦ (એસ.એસ.સી) અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ) ની પૂરક પરીક્ષાનું પરિણામ તારીખ ૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામ બાદ જે પણ વિદ્યાર્થીઓ પોતાના મેળવેલા ગુણથી સંતુષ્ટ નથી અને ગુણચકાસણી (**Rechecking**) કરાવવા માંગતા હોય, તેમના માટે બોર્ડ દ્વારા અરજી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

રસ ધરાવતા વિદ્યાર્થીઓ તારીખ ૦૬/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકથી લઈને તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક (૫ વાગ્યા) સુધીમાં ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી શકશે. ખાસ નોંધ લેવી કે ગુણચકાસણીની અરજીઓ ફકત ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે, અન્ય કોઈ માધ્યમથી નહીં. આ માટે વિદ્યાર્થીઓએ પોતાના પ્રવાહ મુજબ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જવાનું રહેશે. ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ તતભ.લતયબ.જ્ઞલિ પર, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ તભશ.લતયબ.જ્ઞલિ પર અને ધોરણ-૧૨ સામાન્ય



પ્રવાહના વિદ્યાર્થીઓ **hsc.gseb.org** પર જઈને અથવા મુખ્ય વેબસાઈટ **www.gseb.org** પરથી પોતાની અરજી કરી શકશે. ગુણચકાસણી માટેની નિયત ફી ઓનલાઇન **SBIePay System** મારફતે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ કે નેટ બેન્કિંગ દ્વારા સરળતાથી ભરી શકાશે. જો કોઈ વિદ્યાર્થી ઓનલાઇન પેમેન્ટ ન કરી શકે તો તેઓ **SBIePay** ના **""SBI Branch Payment""** ઓપ્શન દ્વારા દેશની કોઈપણ જઈઈ બ્રાન્ચમાં જઈને પણ પોતાની ફી ભરી શકશે. તો જે પણ વિદ્યાર્થીઓ પોતાના પેપરની ગુણચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેઓ અંતિમ તારીખ ૧૩ જુલાઈ પહેલા સત્વરે પોતાની ઓનલાઇન અરજી પૂર્ણ કરી લેવા તાકીદ કરાઈ છે.

---

# સહકાર સપ્તાહમાં 'KNOW યોર ફેડરેશન' અભિયાન ઉજવાયું

## જિલ્લા રજિસ્ટ્રાર કચેરીનું સરાહનીય આયોજનઃ સહકારી માળખાને વધુ સુદ્રઢ અને પારદર્શક બનાવવાની દિશામાં એક મજબૂત કદમ





રાજકોટ, તા.૬

સહકારી ક્ષેત્ર એ ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રના આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન છે. આ સહકારી ભાવનાને વધુ મજબૂત કરવા અને તેના મૂલ્યોને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુથી રાજકોટ જિલ્લામાં હાલમાં 'સહકાર સપ્તાહ'ની અત્યંત ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ), રાજકોટની કચેરી દ્વારા એક નવતર અને અત્યંત પ્રશંસનીય આયોજન કરવામાં આવ્યું છે. મંડળીઓના વિકાસ અને પારદર્શિતાને વેગ આપવા માટે આજે વિશેષ રૂપે 'નો યોર ફેડરેશન' (તમારા સંઘને જાણો - **Know Your Federation**) અભિયાનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સુંદર આયોજન સહકારી ક્ષેત્રના બે મોટા સ્તંભ સમાન સંસ્થાઓ - 'રાજકોટ જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ' અને 'રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘ' ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સભાસદો જોડાયા હતા.

કોઈપણ સહકારી માળખાની સફળતાનો આધાર તેની પાયાની મંડળીઓ પર રહેલો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લા કક્ષાના મોટા અને સર્વોચ્ચ ફેડરેશનો તેમજ ગ્રામીણ સ્તરની પ્રાથમિક મંડળીઓ વચ્ચે રહેલા અંતરને દૂર કરવાનો હતો. ઘણીવાર ગ્રામ્ય કક્ષાની મંડળીઓ મોટા સંઘોની કાર્યપ્રણાલીથી અજાણ હોય છે, જેના કારણે વિકાસ રુંધાય છે. પરંતુ આ વિશેષ શૈક્ષણિક અને પ્રેરણાત્મક મુલાકાત થકી સહકારી ક્ષેત્રના પાયાના સ્તરના પ્રતિનિધિઓ અને સામાન્ય સભાસદોના જ્ઞાનવર્ધન (**Knowledge Enhancement**) અને ક્ષમતા નિર્માણ (**Capacity Building**) પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ અભિયાન દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે છેવાડાના સભાસદો પણ મોટા સંઘોની કાર્યપદ્ધતિને નજીકથી સમજે અને તેને પોતાના વિસ્તારમાં અમલમાં મૂકે.

આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન સહભાગીઓએ મોટા પાયા પર ચાલતા સહકારી સંઘોના રોજિંદા સંચાલન, ત્યાં ઉપલબ્ધ અદ્યતન ટેકનોલોજી અને વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રત્યક્ષ અવલોકન કર્યું હતું. સર્વોચ્ચ સંસ્થાઓનું ટેકનિકલ માળખું કેવી રીતે કામ કરે છે, તેમનું નાણાકીય વ્યવસ્થાપન (**Financial Management**) કેટલું સચોટ હોય છે અને ઓપરેશનલ (કામકાજનું) માળખું કેટલી ચોકસાઈથી કામ કરે છે, તેનો તમામ પ્રતિનિધિઓએ ગહન અભ્યાસ કર્યો હતો. વિવિધ સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સભાસદોએ આ આયોજનમાં ખૂબ જ ઉત્સાહભેર અને બહોળી સંખ્યામાં ભાગ લઈને પાયાની માહિતીઓ એકત્ર કરી હતી. નિષ્ણાતો દ્વારા તેમને એવી વ્યવહારુ માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેનો સીધો ઉપયોગ તેઓ પોતાની સ્થાનિક અને ગ્રામ્ય કક્ષાની સહકારી મંડળીઓને વધુ મજબૂત, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવા માટે કરી શકશે.

### સુશાસન અને સંસાધન સંચાલન થકી સ્થાનિક વિકાસનો નવો અધ્યાય

આ મુલાકાત માત્ર એક પ્રવાસ ન રહેતા, સહકારી ક્ષેત્રના વિકાસ માટે એક માઈલસ્ટોન સાબિત થઈ છે. જિલ્લા કક્ષાના ફેડરેશનની કાર્યપ્રણાલીથી પ્રેરિત અને ટેકનિકલ રીતે સક્ષમ બનેલા પાયાના સ્તરના આગેવાનો હવે પોતાના ગામ અને સ્થાનિક સ્તરે જઈને મોટો બદલાવ લાવવા માટે સજ્જ બન્યા છે. હવે તેઓ ગ્રામ્ય કક્ષાએ કાર્યક્ષમતા વધારવા, સંસાધનોનું યોગ્ય સંચાલન (**Resource Management**) કરવા અને મંડળીઓમાં સુશાસન (**Good Governance**) જેવી શ્રેષ્ઠ પદ્ધતિઓ અમલમાં લાવવા માટે પ્રયત્નશીલ રહેશે. જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં થયેલા જ્ઞાનના આ આદાનપ્રદાનથી સ્થાનિક સ્તરે વિકાસના નવા દ્વારા ખુલ્યા છે અને ભવિષ્યમાં સહકારી મંડળીઓની પ્રગતિનો એક અત્યંત મજબૂત પાયો નંખાયો છે.

# વરસાદ બાદ PGVCLનું મેગા ઓપરેશન

## ૫૨૯ ગામોમાં અંધારપટ દૂર : ૬૦ જેટલી સ્પેશિયલ ટીમો મેદાને , ૨૭ ટ્રાન્સફોર્મર અને ૩૪૪ જેટલા વીજ ફીડરો પ્રભાવિત

રાજકોટ, તા. ૬

સૌરાષ્ટ્ર પંથકમાં તાજેતરમાં થયેલા અતિભારે વરસાદ અને મેઘતાંડવના કારણે અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી અને જનજીવન પ્રભાવિત થયું હતું. આ કુદરતી આફત બાદ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ દ્વારા વીજ પુરવઠો વહેલી તકે પુનઃસ્થાપિત કરવા માટે એક મોટું મેગા ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ભારે વરસાદ અને વાવાઝોડા જેવા માહોલ વચ્ચે પણ પીજીવીસીએલની ટીમો સતત કામગીરી કરી રહી છે. ચીફ એન્જિનિયરના સીધા માર્ગદર્શન હેઠળ ખાસ કરીને અમરેલી જિલ્લામાં કંપનીની ટીમો રાત-દિવસ જોયા વગર ફિલ્ડમાં તૈનાત છે.







પીજીવીસીએલના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સૌરાષ્ટ્રના આપત્તિગ્રસ્ત ૫૮૯ ગામોમાંથી ૫૨૯ ગામોમાં વીજ પુરવઠો સફળતાપૂર્વક બહાલ કરી દેવામાં આવ્યો છે. વાવાઝોડા અને પૂરના કારણે વીજ વ્યવસ્થાને મોટું નુકસાન પહોંચ્યું હતું, જેમાં આશરે ૨૭ ટ્રાન્સફોર્મર અને ૩૪૪ જેટલા વીજ ફીડરો ખરાબ રીતે પ્રભાવિત થયા હતા. આ ખામીઓને દૂર કરવા માટે હાલમાં ૬૦ જેટલી સ્પેશિયલ ટીમો યુદ્ધના ધોરણે મેદાનમાં ઉતારવામાં આવી છે. તંત્ર દ્વારા બાકી રહેલા ૬૦ ગામોમાં પણ આજે સાંજ સુધીમાં કોઈપણ ભોગે વીજળી શરૂ કરી દેવાનો મક્કમ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

અત્યારે પણ અનેક વિસ્તારોમાં વીજપોલ અને સબ-સ્ટેશનની આસપાસ પાણી ભરાયેલા છે. વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, જેમ-જેમ પૂરના પાણી ઓસરશે, તેમ-તમે તમામ પ્રભાવિત વીજપોલ અને ટ્રાન્સફોર્મરનું રિપેરિંગ કામ વધુ ઝડપી બનાવવામાં આવશે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે અકસ્માતો નિવારવા માટે પીજીવીસીએલ દ્વારા નાગરિકોને એક ખાસ અપીલ કરવામાં આવી છે કે, કોઈ પણ સામાન્ય નાગરિકે તૂટેલા વીજપોલ કે લાઈવ વાયર સાથે જાતે ચેડાં કરવા નહીં. કોઈ પણ પ્રકારની વીજ સમસ્યા કે ફોલ્ટના કિસ્સામાં માત્ર અને માત્ર કંપનીના સત્તાવાર કર્મચારીઓનો જ સંપર્ક કરવા તાકીદ કરવામાં આવી છે.

વીજ પુરવઠો ખોરવાતા જ ડ્રક્સ્ટઈક્ના ઉચ્ચ અધિકારીઓ એક્શન મોડમાં આવ્યા હતા. સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે ૬૦ સ્પેશિયલ ટીમો તૈનાત કરવામાં આવી હતી. આ ટીમોએ રાત-દિવસ જોયા વિના, પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ ખોરવાયેલી લાઈનો અને પડી ગયેલા વીજ થાંભલાઓને ઊભા કરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કર્યું હતું. લાંબા સમયના અંધારપટ બાદ ગામડાઓમાં ફરી રોશની પરત ફરતા સ્થાનિક રહીશો અને ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. પીવાના પાણીની સમસ્યા અને ઘરવપરાશની વીજળી પૂર્વવત થતાં ગ્રામજનોએ ડ્રક્સ્ટઈક્ની લાઈન સ્ટાફ અને એન્જિનિયરોની આ ત્વરિત કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

વીજ કંપનીના સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રથમ અગ્રતા ગામડાઓમાં પીવાના પાણીના સોર્સ અને હોસ્પિટલોને વીજળી આપવાની હતી. ત્યારબાદ ઘરવપરાશની (જ્યોતિગ્રામ) લાઈનો અને છેલ્લે ખેતીવાડીના ફીડરો રિપેર કરવામાં આવ્યા હતા. સતત ૪૮ કલાક સુધી ચાલેલી આ મેરેથોન કામગીરીને કારણે ઉનાળા/ચોમાસાની સિઝનમાં લોકોને પડતી હાલાકીનો અંત આવ્યો છે.

# આજી - ન્યારી - ભાદરમાં નવા નીર

### ન્યારી-૧માં ૦.૪૯, ન્યારી-૨માં ૧.૬૪ ફૂટ, આજી-૧માં ૦.૩૬ ફૂટ પાણી આવ્યું

રાજકોટ, તા. ૬

ત્રણેક દિવસથી સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં હળવા-ભારે વરસાદ જળાશયોમાં નવા નીર ઠલવાવા લાગ્યા જ છે. રાજકોટ જિલ્લાના ડેમોમાં પણ નવા પાણીના મુર્હુત થયા છે. સિંચાઇ વિભાગના રીપોર્ટ પ્રમાણે રાજકોટને પાણી પુરું પાડતા ભાદરમાં ૦.૦૩ ફૂટની મામૂલી આવક થઇ હતી. સપાટી ૧૪.૩૦ ફૂટ થઇ હતી. આજી-૧માં ૦.૩૬ ફૂટની આવક સાથે સપાટી ૨૦.૪૦ ફૂટ થઇ છે. સૌરાષ્ટ્રભરમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગને પગલે જળસંકટના વાદળો વિખેરાયા છે. રાજકોટવાસીઓની જીવાદોરી સમાન આજી, ન્યારી અને ભાદર સહિતના મુખ્ય જળાશયોમાં મોટા પ્રમાણમાં નવા પાણીની આવક (નવા નીર) થતાં લોકમાતાઓના અદભુત દ્રશ્યો સર્જાયા છે. નવા નીરના આગમનને પગલે તંત્ર અને નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



આજી-૨ ડેમમાં ૦.૬૨ ફૂટ, લાલપરીમાં ૦.૬૬ ફૂટ તથા ન્યારી-૧માં ૦.૪૯ ફૂટ અને ન્યારી-૨માં ૧.૬૪ ફૂટ પાણીની આવક થઇ હતી. જિલ્લાના અન્ય જળાશયો પૈકી સુરવોમાં ૦.૬૬ ફૂટ, ફાડદંગબેટીમાં ૧.૮૦ ફૂટ, ઈશ્વરીયામાં ૩.૨૮ ફૂટ, કરમાળમાં ૦.૪૩ ફૂટ, ભાદર-૨માં ૦.૬૬ ફૂટની આવક હતી. મોરબી જિલ્લાના જળાશયો પૈકી મચ્છુ-૧માં ૦.૦૭ ફૂટ, મચ્છુ-૨માં ૦.૨૬ ફૂટ, ડેમી-૧માં ૦.૧૦ ફૂટ, બ્રાહ્મણીમાં ૦.૨૦ ફૂટ, બ્રાહ્મણી-૨માં ૦.૯૮ ફૂટની આવક હતી. દ્વારકા જિલ્લાના વઢવાણ ભોગાવો-૨માં ૦.૧૦ ફૂટ, લીંબડી ભોગાવોમાં ૦.૧૦ ફૂટ, ફલકુમાં ૦.૪૯ ફૂટ, વાંસણમાં ૦.૩૩ ફૂટ, ત્રિવેણીઠાંગામાં ૬.૨૩ ફૂટની આવક હતી. અમરેલી જિલ્લાના આકરોલીમાં ૩.૪૪ ફૂટની આવક હતી. વરસાદને કારણે પાણીની આવકને પગલે રાજકોટ તાલુકાના આજી-૨ ડેમમાં જળસપાટી જાળવી રાખવા માટે, ડેમના બે દરવાજા ૦.૦૭૬૨ મીટર ખોલવામાં આવ્યા છે. આથી નદીના પટમાં તેમજ કાંઠા વિસ્તારમાં કોઈને અવરજવર ન કરવા સૂચના જારી કરવામાં આવી છે. આ સાથે પડધરી તાલુકાના અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢાડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર, ઉકરડા ગામ માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે. ડેમની પૂર્ણ જળસપાટી ૭૩.૭૬ મીટર છે. ડેમમાં હાલનું જળસ્તર ૭૨.૫ મીટર છે, આવક અને જાવક ૩૪૦ ક્યુસેક છે, તેમ રાજકોટ ફ્લડ કંટ્રોલે જણાવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા પણ જળાશયોની સપાટી પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો આ જ રીતે વરસાદ ચાલુ રહેશે, તો રાજકોટને આખું વર્ષ પાણીની કોઈ તકલીફ નહીં પડે તે નક્કી છે. સ્થાનિક લોકો પણ આ મનોહર દ્રશ્યો જોવા અને નવા નીરના વધામણાં કરવા ડેમ સાઈટ પર ઉમટી રહ્યા છે.

# લોકમેળાના નામાંકન માટે અરજીઓ સ્વીકારાશે

### ૨૨મી અંતિમ તારીખ: પસંદ કરાયેલા શીર્ષકને મળશે પુરસ્કાર

રાજકોટ, તા. ૬

રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતી દ્વારા આગામી તા.૨ સપ્ટેમ્બરથી પાંચ દિવસ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પરંપરાગત ભાતીગળ લોકમેળાનું આયોજન કરવામાં આવેલ હોય આ અંગેની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ અંગે અગાઉ ૨૦ સમિતીઓની રચના કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા કરવામાં આવ્યા બાદ લોકમેળાના પ્લાન લે-આઉટને પણ ચાલુ સપ્તાહમાં જ મંજૂરી આપી દેવામાં આવનાર છે.લોકમેળા માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નગરજનો પાસેથી આકર્ષક શીર્ષક મંગાવવામાં આવનાર છે. ગુગલ ફોર્મમાં લોકમેળાના ફક્ત એક શીર્ષક સાથે પોતાનું નામ, પૂરું સરનામું, મોબાઈલ નંબર ખાસ લખવાના રહેશે. તા.૨૨ની સમય મર્યાદા બાદ આવેલા નામો પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

પ્રાપ્ત થયેલી એન્ટ્રીઓમાંથી લોકમેળા સમિતિ દ્વારા આખરી શીર્ષક પસંદ કરવામાં આવશે. લોકમેળાના નામની પસંદગી બાબતે લોકમેળા સમિતિનો નિર્ણય આખરી ગણાશે. મેળાનાં નામ તરીકે પસંદગી પામેલ શીર્ષક આપનાર વિજેતા સ્પર્ધકને યોગ્ય પુરસ્કારથી નવાજવામાં આવશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા શહેરમાં ભવ્ય લોકમેળાનું આયોજન થવા જઈ રહ્યું છે. આ મેળો માત્ર મનોરંજન નથી, પણ આપણા સૌનો સામૂહિક ઉત્સવ છે. આ વખતે આ મેળાને એક અનોખી, ભવ્ય અને સાંસ્કૃતિક ઓળખ આપવા માટે તેનું વિશેષ નામકરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તમારા મનમાં રમતું કોઈ એવું નામ છે જે આપણા શહેરની શાન, પરંપરા અને મેળાના ઉત્સાહને ઉજાગર કરે? જો હા, તો મોડો ન કરો! તમારા કલ્પનાશીલ અને આકર્ષક શીર્ષકો (નામો) અમને મોકલી આપો.

# અરજદારોને એક જ છત હેઠળ મળશે તમામ સુવિધાઓ

રાજકોટ, તા. ૬

સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પ્રજાલક્ષી કાર્યોને વધુ વેગવંતા અને સરળ બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કલેકટર કચેરી પરિસરમાં કાર્યરત જનસેવા કેન્દ્ર ખાતે હવેથી નાગરિકો માટે આધાર કાર્ડને લગતી તમામ સેવાઓ સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે. આ સુવિધા ઉપલબ્ધ થતાં જ હવે અરજદારોને અલગ-અલગ કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને એક જ સ્થળેથી સરકારી યોજનાઓના લાભો સાથે આધારની કામગીરી પણ થઈ શકશે.

**કલેકટર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં આધાર કાર્ડની તમામ સેવાઓનો પ્રારંભ; સામાન્ય જનતાને મોટી રાહત**

રાજકોટ કલેકટર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં લાંબા સમયથી આધાર કાર્ડ માટેની કીટ ન હતી. લાંબા સમય બાદ હવે જન સેવા કેન્દ્રમાં આધાર કાર્ડની કામગીરી શરૂ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. આગામી જુલાઈ મહિનાના અંત સુધીમાં આ સેવા સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.

જુલાઈ મહિનાના અંત સુધીમાં જનસેવા કેન્દ્રમાં આધાર કાર્ડની કામગીરીનો પ્રારંભ થશે. કલેકટર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર, કલેકટર દ્વારા આધાર કાર્ડ માટે નવી કીટ મંજૂર કરવામાં આવી છે. કામગીરીને ઝડપી બનાવવા માટે જિલ્લામાં ૯ જેટલી કીટોને અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવી છે, જેનાથી તાલુકા સ્તરે પણ આધાર કાર્ડની કામગીરીમાં વેગ આવશે.

છેલ્લા ઘણા સમયથી રાજકોટ કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં આધાર કાર્ડની સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આધાર કાર્ડમાં સુધારા-વધારા કે નવી નોંધણી માટે લોકોને લાંબા અંતર કાપવા પડતા હતા. હવે આ સુવિધા કલેકટર કચેરીમાં જ શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને મોટી રાહત મળશે. નવી કીટો કાર્યરત થવાથી અને અપગ્રેડેશનને કારણે આધાર કાર્ડની પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે. ખાસ કરીને તાલુકાના વિસ્તારોમાં આ કીટોના ઉપયોગથી કામગીરીમાં આવતી રૂકાવટ દૂર થશે અને આધાર કાર્ડ સંબંધિત કામો સમયસર પૂર્ણ થઈ શકશે.

કલેકટર કચેરીના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, જનસેવા કેન્દ્રમાં સવારના ૧૦:૩૦ થી સાંજના ૬:૧૦ વાગ્યા સુધી આધારની કામગીરી ચાલુ રહેશે. આ માટે પૂરતી સંખ્યામાં કાઉન્ટર્સ શરૂ કરાયા છે જેથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી આવતા તમામ લોકોને ઝડપી સેવા મળી રહે. પ્રજા લાંબા સમયથી કલેકટર કચેરી ખાતે જ આ સુવિધા શરૂ થાય તેવી માંગ કરી રહી હતી, જેનો હવે સુખદ અંત આવ્યો છે. જનસેવા કેન્દ્રમાં અરજદારોનો સમય ન બગડે તે માટે ખાસ ટોકન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર પર આવતા નાગરિકોને ક્રમબદ્ધ ટોકન આપીને નિયત સમયમાં જ તેમની કામગીરી પૂર્ણ કરવામાં આવશે, જેથી બિનજરૂરી ભીડ અને ગેરવ્યવસ્થા નિવારી શકાય.

# મનપાનો 'મેગા ડિઝાસ્ટર પ્લાન'

### કંટ્રોલ રૂમ ૨૪ કલાક ધમધમશે, રાઉન્ડ ધ ક્લોક શિફ્ટમાં સ્ટાફ તૈનાત : અધિકારીઓ - ઈજનેર સ્ટેન્ડબાય પર

રાજકોટ, તા. ૬

ચોમાસાની વિધિવત શરૂઆત થતાં જ રાજકોટ મહાનગરપાલિકા (મનપા) દ્વારા શહેરીજનોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટેનો વિસ્તૃત 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન' જાહેર કરી દેવામાં આવ્યો છે. કમિશનરની સીધી દેખરેખ હેઠળ આ વર્ષે ખાસ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે, જે આગામી ચાર મહિના સુધી ૨૪ કલાક અને સાતેય દિવસ (૨૪/૭) અવિરત કામ કરશે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે મનપાના કર્મચારીઓ અને અધિકારીઓની ત્રણ અલગ-અલગ શિફ્ટમાં ડ્યુટી લગાવી દેવામાં આવી છે.

મનપાના સેન્ટ્રલ કંટ્રોલ રૂમને આધુનિક સંચાર સાધનો, હોટલાઈન અને વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરવામાં આવ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા, વૃક્ષો ધરાશાયી થવા, કે શોર્ટ સર્કિટ જેવી ઘટનાઓ પર ત્વરિત એક્શન લેવા માટે ખાસ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (ઊછ્ઝ) ની રચના કરવામાં આવી છે. કમિશનરે જણાવ્યું હતું કે, ''તમામ ૧૮ વોર્ડના ઓફિસરો અને એન્જિનિયરોને હેડક્વાર્ટર ન છોડવા અને પોતાના વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરવા આદેશ અપાયા છે.




### કટોકટીને પહોંચી વળવા તંત્રનો એક્શન પ્લાન: મુખ્ય પાસાઓ

**૨૪ કલાકની થ્રી-શિફ્ટ ડ્યુટી:**
કંટ્રોલ રૂમમાં કર્મચારીઓ આઠ-આઠ કલાકની ત્રણ શિફ્ટમાં ફરજ બજાવશે, જેથી રાત્રિના સમયે પણ ફરિયાદ મળતા જ તાકીદે નિકાલ થઈ શકે.

**ડીવોટરિંગ પંપની ગોઠવણ:**
શહેરના અંડરબ્રિજ અને પાણી ભરાતા ૪૦થી વધુ હોટસ્પોટ્સ પર હાઈ-કેપેસિટી ધરાવતા સેલ્ફ-પ્રાઈમિંગ ડીવોટરિંગ પંપ એડવાન્સમાં ગોઠવી દેવાયા છે.

**ફાયર બ્રિગેડ એલર્ટ મોડ પર:**
તમામ ફાયર સ્ટેશનો પર લાઈફ જેકેટ, બોટ, વૃક્ષ કાપવાના મશીનો અને રેસ્ક્યૂ કીટ તૈયાર રાખવામાં આવી છે.

**સ્થળાંતર માટે આશ્રયસ્થાનો ફિક્સ:**
જો ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવું પડે, તો મનપાની શાળાઓ અને કોમ્યુનિટી હોલને સેનિટાઈઝ કરીને અનામત રાખવામાં આવ્યા છે, જ્યાં ફૂડ પેકેટ્સની પણ વ્યવસ્થા કરાશે.

### ફાયર એન્ડ રેસ્ક્યૂ ડિપાર્ટમેન્ટ

શહેરમાં પૂરની સ્થિતિ કે વોંકળા ઉભરાવવાની ઘટનામાં તાત્કાલિક બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડને મુખ્ય જવાબદારી સોંપવામાં આવી છે.

**સામગ્રીની સજ્જતા:**
તમામ ફાયર સ્ટેશનો પર રબર બોટ, આધુનિક લાઈફ જેકેટ્સ, લાઈફ બોયઝ, અને અંધારામાં સર્ચ ઓપરેશન માટે હાઈ-બીમ લાઈટો અને જેનરેટર સેટ તૈયાર રાખવામાં આવ્યા છે.

**વૃક્ષો ધરાશાયી થવાની ઘટના:**
રસ્તાઓ બ્લોક ન થાય તે માટે હાઈડ્રોલિક ટ્રી-કટર મશીનો સાથેની ખાસ ટીમો તૈનાત કરાઈ છે, જે કંટ્રોલ રૂમથી મેસેજ મળતા જ ૧૦ મિનિટમાં રવાના થશે.

### ડ્રેનેજ ક્લિનિંગ અને જોખમી મકાનોને નોટિસ

પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપે શહેરના તમામ મોટા વોંકળા અને ડ્રેનેજ લાઈનોની સફાઈ પૂર્ણ થઈ હોવાનો દાવો તંત્ર દ્વારા કરાયો છે. આ ઉપરાંત, સેન્ટ્રલ અને વેસ્ટ ઝોનમાં આવેલા જર્જરિત અને જોખમી મકાનોને વહેલી તકે ખાલી કરવા અથવા સમારકામ કરવા માટે નોટિસો ફટકારી દેવામાં આવી છે, જેથી મોટી દુર્ઘટના નિવારી શકાય.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# વર્ષે અમૃત ઘુઘવે ઝેર

## વરસાદી જલ સાથે કેમિકલ ભેળવવાનું ખતરનાર પાપ



કુદરત મન મૂકીને વરસે છે, ત્યારે ધરતી પર અમૃતની વર્ષા થાય છે. મેઘરાજની આ કૃપાથી નદી-નાળા છલકાય છે. જનજીવન અને પ્રકૃતિ પાણીદાર બને છે. સર્વત્ર લીલાલહેર અને પ્રસન્નતા છવાય છે. પરંતુ આ પરમાત્માની કૃપા સમાન પવિત્ર વરસાદી પાણી સાથે કેમિકલ ભેળવીને તેને ઝેરી બનાવવાનું મહાપાપ પણ આ જ સમય દરમિયાન આચરવામાં આવે છે. ચોમાસાની શરૂઆત થતાં જ કેટલાક બેજવાબદાર ઉદ્યોગકારો પોતાના સ્વાર્થ માટે નદીઓમાં ઝેરી રાસાયણિક કચરો વહાવી દે છે. વરસાદના વહેણ સાથે આ કેમિકલ ભળી જતાં નદીઓમાં ઝેરી પૂર ઘુઘવવા લાગે છે.

સૌરાષ્ટ્રના સૌથી મોટા ભાદર ડેમમાં વરસાદી પાણીની નવી આવક શરૂ થઈ છે. આ સાથે જ જેતપુર પાસે ભાદર નદીમાં એક ભયાનક ખેલ સામે આવ્યો છે. વરસાદના તાજા પાણી સાથે અતિ ઝેરી કેમિકલ વહાવી દેવાની આશંકાથી સમગ્ર પંથકમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. ભાદર નદીના પવિત્ર પાણીમાં કેમિકલ ભળવાને કારણે ભયાનક ફીણના થર જામ્યા છે. કુદરતનું અમૃત જેવું પાણી પળવારમાં કાળું-મેશ અને ઝેરીલું બની ગયું છે.

આ પાપની સીધી અને ભયાનક અસરો સ્થાનિક લોકો અને પર્યાવરણ પર પડી રહી છે. પ્રદૂષિત પાણીના કારણે નદીની જળસૃષ્ટિ સંપૂર્ણપણે નાશ પામી રહી છે. અસંખ્ય માછલીઓ અને જળચર જીવો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. આટલું જ નહીં, આ ઝેરી પાણી જમીનમાં ઉતરવાથી ભૂગર્ભ જળ પણ પ્રદૂષિત બન્યા છે. આસપાસના ગામોના લોકો આ દૂષિત પાણીથી ત્રાહીમામ પોકારી ગયા છે. પર્યાવરણના ખુલ્લેઆમ ધજાગરા ઉડી રહ્યા છે.

સૌથી મોટી આશ્ચર્યની વાત એ છે કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓને આ ગંભીર પરિસ્થિતિ દેખાતી જ નથી. તેમની આવી ગુનાહિત નિષ્ક્રિયતા અનેક સવાલો ઉભા કરે છે. શું આ બધું કોઈ મોટો વહીવટ કે સેટિંગના ભાગરૂપે ચાલી રહ્યું છે?

જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આવા તત્વો સામે કડક પગલાં લેવા અનિવાર્ય છે. આ સમગ્ર ઘટનાની ઉંડી અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. પ્રકૃતિ પર થતા આ અત્યાચારને રોકવા માટે, કેમિકલ છોડનારા ઉદ્યોગકારો અને તેમની સાથે મિલીભગત રાખતા સેટિંગબાજ અધિકારીઓને કાયદાના સકંજામાં લાવીને ઉઘાડા પાડવા જ જોઈએ.

# પહેલગામ આતંકવાદી હુમલામાં મોટો ખુલાસો

## NIAએ હાફિઝ સઈદનું નામ આરોપી તરીકે જાહેર કર્યું, પૂરક ચાર્જશીટ દાખલ



નવીદિલ્હી, તા. ૬

રાષ્ટ્રીય તપાસ એજન્સી (ગઈઅ) એ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના સંદર્ભમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી અને લશ્કર-એ-તૈયબા (ક્યઝ) ના વડા હાફિઝ સઈદ સામે મોટી કાર્યવાહી કરી છે. ગઈઅ એ સોમવારે એક ખાસ કોર્ટમાં દાખલ કરેલી પૂરક ચાર્જશીટમાં સઈદનું નામ આરોપી તરીકે રાખ્યું છે. ચાર્જશીટમાં, ગઈઅ એ સઈદનું નામ તેની વ્યક્તિગત ભૂમિકા તેમજ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (ક્યઝ) અને તેના પ્રોક્સી સંગઠન, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ઝછ્રૃ) ના વડા તરીકેની ભૂમિકા માટે રાખ્યું છે.

હાફિઝ સઈદ પર ભારતીય દંડ સંહિતા (ઈઙ્ગ), ૨૦૨૩ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (ગઅઙ્અ), ૧૯૬૭ ની ઘણી કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. ચાર્જશીટમાં ભારત સામે યુદ્ધ છેડવા અને પાકિસ્તાનથી આતંકવાદી કાવતરું ઘડવાના આરોપો પણ શામેલ છે. ગઈઅ અનુસાર, આ પૂરક ચાર્જશીટ અગાઉ દાખલ કરવામાં આવી હતી અને મૂળ ૧,૫૯૭ પાનાની ચાર્જશીટને વિસ્તૃત કરે છે. તેમાં પાકિસ્તાનના કાવતરા, હાફિઝ સઈદની ભૂમિકા અને તપાસ દરમિયાન એકત્ર કરાયેલા વૈજ્ઞાનિક અને ટેકનિકલ પુરાવાઓનું વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે.

૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ દાખલ કરાયેલી અગાઉની ચાર્જશીટમાં, ગઈઅ એ પાકિસ્તાની આતંકવાદી હેન્ડલર સાજિદ જટ્ટ, ઓપરેશન મહાદેવમાં માર્યા ગયેલા ત્રણ આતંકવાદીઓ, બે ધરપકડ કરાયેલા આરોપીઓ અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ક્યઝ/ઝછ્રૃ ને આરોપી તરીકે નામ આપ્યું હતું. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ધર્મના આધારે લોકોને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. આ હુમલામાં પચીસ પ્રવાસીઓ અને એક સ્થાનિક નાગરિકનું મોત નીપજ્યું હતું. પહેલગામ પોલીસ સ્ટેશનમાં ર્હ્રૈંછ નોંધાયા પછી કેસ શરૂ થયો હતો. પ્રારંભિક તપાસ જમ્મુ અને કાશ્મીર પોલીસે હાથ ધરી હતી, ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કેસ ગઈઅને સોંપ્યો હતો. ગઈઅ જણાવે છે કે તપાસ ચાલુ છે અને પાકિસ્તાનથી કાર્યરત સમગ્ર આતંકવાદી નેટવર્ક અને ષડયંત્રના તમામ પાસાઓનો પર્દાફાશ કરવા માટે પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (ગઈઅ) એ પહેલગામ આતંકવાદી હુમલા કેસમાં લશ્કર-એ-તૈયબા (ક્યઝ) ના વડા હાફિઝ સઈદ વિરુદ્ધ પૂરક ચાર્જશીટ દાખલ કરી છે. સઈદને હુમલાનો માસ્ટરમાઈન્ડ ગણાવતા, ગઈઅ એ તેના પર ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનો અને પાકિસ્તાનથી આતંકવાદી કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે.

# ભારતીય નૌકાદળની નવી વ્યૂહરચના



## ૨૪ કલાક હવાઈ દેખરેખ માટે સ્વદેશી ડ્રોન

નવીદિલ્હી, તા. ૬

ભારતીય નૌકાદળે તેના નૌકાદળના થાણાઓ અને અન્ય સંવેદનશીલ સ્થાપનોની સુરક્ષાને મજબૂત બનાવવા માટે સ્વદેશી મલ્ટી-કોપ્ટર સર્વેલન્સ ડ્રોન ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી છે. સંરક્ષણ મંત્રાલયે આ સંદર્ભમાં માહિતી માટે વિનંતી (છ્ભ્રૂઈ) જારી કરી છે.

આ પહેલી વાર છે જ્યારે ભારતીય નૌકાદળ તેના ભૂમિ થાણાઓનું રક્ષણ કરવા માટે વિશિષ્ટ સર્વેલન્સ ડ્રોનનો સમાવેશ કરશે. આ ખરીદી ''ખરીદો (ભારતીય-ઈઉઉખ)'' શ્રેણી હેઠળ હશે, જે ઓછામાં ઓછા ૫૦ ટકા સ્વદેશી સામગ્રીનો ઉપયોગ ફરજિયાત કરે છે. નૌકાદળ એવા ડ્રોન ઇચ્છે છે જે સતત હવાઈ દેખરેખ રાખી શકે, શંકાસ્પદ પ્રવૃત્તિઓને ઝડપથી શોધી શકે અને સુરક્ષા દળોને વાસ્તવિક સમયની માહિતી પૂરી પાડી શકે.

છ્ભ્રૃઈ અનુસાર, ડ્રોન અત્યાધુનિક ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ અને ઇન્ફ્રારેડ (ઊઘ/ઈછ) કેમેરાથી સજ્જ હશે, જે દિવસ અને રાત દેખરેખ રાખવા સક્ષમ હશે. આ કેમેરા ૩૬૦-ડિગ્રી દેખરેખ રાખી શકશે અને એકસાથે ૩૦ થી વધુ લક્ષ્યોને ટ્રેક કરી શકશે.

આ ડ્રોનને બધી હવામાન પરિસ્થિતિઓમાં કાર્ય કરવા માટે ડિઝાઇન કરવામાં આવશે. તેની ઉડાન ઊંચાઈ ૨,૦૦૦ ફૂટ સુધીની હશે, તેની ગતિ ઓછામાં ઓછી ૪૦ નોટ્સ હશે, ૨૦ કિલોમીટરની ત્રિજ્યામાં દેખરેખ રાખી શકાશે અને ઓછામાં ઓછા બે કલાકની ફ્લાઇટ રેન્જ હશે. આ ડ્રોનમાં એન્ટિ-જામિંગ ટેકનોલોજી, ઓટોમેટિક ટેક-ઓફ અને લેન્ડિંગ, અને સંપર્ક ગુમાવવા અથવા ઓછી બેટરી હોવાના કિસ્સામાં સ્વ-વાપસી (ઘરે પાછા ફરવા) ક્ષમતા પણ હશે.

ભારતીય નૌકાદળે સેટેલાઇટ-આધારિત જીઓફેન્સિંગ, ૩૦ કિલોમીટરની લાઇન-ઓફ-સાઇટ રેન્જ માટે એન્ક્રિપ્ટેડ ડેટાલિંક અને ફ્લાઇટ દરમિયાન બહુવિધ ગ્રાઉન્ડ સ્ટેશનો વચ્ચે નિયંત્રણ ટ્રાન્સફર કરવાની ક્ષમતાની પણ વિનંતી કરી છે. આ વર્ષની શરૂઆતમાં સરહદ પારના ડ્રોન બનાવો પછી સેનાએ ડ્રોન-ઇન્ટરસેપ્શન સિસ્ટમ માટે સમાન વિનંતી કરી હતી, જ્યારે નૌકાદળે લાઇવ-ફાયર તાલીમ માટે આગામી પેઢીના ખર્ચપાત્ર હવાઈ લક્ષ્યોની અલગથી વિનંતી કરી હતી.

ભારતીય નૌકાદળ પહેલાથી જ મુંબઈ સ્થિત સાગર ડિફેન્સ એન્જિનિયરિંગ દ્વારા ઉત્પાદિત લગભગ ૬૦ શિપ-લોન્ચ કરેલા સ્પોટર ડ્રોનનું સંચાલન કરે છે, જેનો ઉપયોગ ઈંગજ વિક્રાંત સહિત યુદ્ધ જહાજોમાંથી ચાંચિયાગીરી વિરોધી અને દેખરેખ મિશન માટે થાય છે. આ છ્ભ્રૃઈ જહાજોને બદલે દરિયા કિનારા સુધી સમાન ખ્યાલનો વિસ્તાર કરશે. આ કાર્યક્રમ આયાતી સંરક્ષણ સાધનો પર નિર્ભરતા ઘટાડવા માટે સરકારના આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ આવે છે, અને નૌકાદળના સ્વદેશી માનવરહિત પ્રણાલીઓના વધતા કાફલામાં ઉમેરો કરશે. ભારતીય નૌકાદળ હવે તેના નૌકાદળના થાણાઓનું રક્ષણ કરવા માટે સ્વદેશી મલ્ટી-કોપ્ટર સર્વેલન્સ ડ્રોન તૈનાત કરશે. સંરક્ષણ મંત્રાલયે 'આત્મનિર્ભર ભારત' પહેલ હેઠળ આ ડ્રોન ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી છે.

# સહકારી વિકાસને પ્રોત્સાહન આપતા અમિત શાહ

## દેશમાં ટૂંક સમયમાં સહકારી જીવન વીમા કંપની શરૂ કરવામાં આવશે



નવીદિલ્હી, તા. ૬

કેન્દ્ર સરકાર સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરશે, અમિત શાહે જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રી અમિત શાહે સોમવારે કહ્યું કે દેશમાં સહકારી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરવામાં આવશે. સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રીય રાજધાનીમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલતા શાહે કહ્યું કે મંત્રાલયની સ્થાપનાથી ભારતના સહકારી ચળવળને નવી ઉર્જા મળી છે, જે કોંગ્રેસના શાસન દરમિયાન અવગણવામાં આવી હતી. સહકાર મંત્રીએ કહ્યું કે ભારત ટેક્સી સારું પ્રદર્શન કરી રહી છે અને આગામી બે વર્ષમાં તેનો વિસ્તાર ૫૦૦ શહેરોમાં કરવામાં આવશે. અમિત શાહે કહ્યું, ''ભારત ટેક્સીની જેમ, અમે સહકારી ક્ષેત્રમાં જીવન વીમા કંપનીની સ્થાપના કરીશું. આ વીમા ક્ષેત્રમાં સહકારી સંસ્થાઓના વિકાસમાં મદદ કરશે.'' તેમણે ઉમેર્યું કે ખાતર ક્ષેત્રની સહકારી સંસ્થા ઈજ્રર્જીઘ, જાપાની કંપની સાથે સંયુક્ત સાહસ દ્વારા પહેલાથી જ વીમા વ્યવસાયમાં છે.ભારતમાં આશરે ૮.૫ લાખ સહકારી સંસ્થાઓ છે, જેમાં ૩૦૦ મિલિયનથી વધુ સભ્યો છે. મંત્રીએ છેલ્લા પાંચ વર્ષમાં મંત્રાલય દ્વારા લેવામાં આવેલા પગલાંઓ પર પ્રકાશ પાડ્યો, જેમાં સહકારી પ્રણાલીમાં પારદર્શિતા અને વ્યાવસાયિકતા લાવવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સહકારી ક્ષેત્ર ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે. રાજ્યોના અધિકારક્ષેત્રમાં કેન્દ્રીય મંત્રાલયો દખલ કરી રહ્યા છે તે અંગે ચિંતાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસ શાસિત રાજ્યોએ પણ છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્રીય મંત્રાલયો તેમના અધિકારક્ષેત્રમાં દખલ કરી રહ્યા હોવાની ફરિયાદ કરી નથી.શાહે કહ્યું કે કેન્દ્રીય મંત્રાલયોનો હેતુ રાજ્યના મામલાઓમાં દખલ કરવાનો નથી; તેનો હેતુ નીતિઓ ઘડવાનો છે. મંત્રીએ કહ્યું કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (ગઉઅ) અને ભારતીય જનતા પાર્ટી (ઇઉંડ) સરકારોએ હંમેશા ગરીબોના હિતમાં સર્વાંગી વિકાસ માટે કામ કર્યું છે. કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે કોંગ્રેસ પાર્ટી પર સહકારી પ્રણાલીનો નાશ કરવાનો આરોપ લગાવતા કહ્યું કે તે સમયે આ ક્ષેત્ર માફિયાઓ દ્વારા શાસન કરતું હતું. તેમણે કહ્યું કે બીજી તરફ, ગઉઅ સરકારે સહકારી ક્ષેત્રને મજબૂત બનાવ્યું છે. સિંહે કહ્યું કે ડેરી ક્ષેત્રને વધુ સંગઠિત બનાવવા માટે ડેરી સહકારી પ્રણાલીનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. ડેરી ક્ષેત્રનો લગભગ ૪૦ ટકા હિસ્સો અસંગઠિત રહે છે.રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ સરકારે સહકારી ક્ષેત્રને ભ્રષ્ટાચારના કેન્દ્રમાં ફેરવી દીધું છે. આ કાર્યક્રમ દરમિયાન, શાહે શિલાન્યાસ કર્યો અને અનેક મોટા પ્રોજેક્ટ્સ અને પહેલોનું ઉદઘાટન કર્યું. આ પહેલોમાં ૭૫,૦૦૦ ટનની ક્ષમતાવાળા ૧૩૫ વેરહાઉસનું હસ્તાંતરણ, ૮૫ વેરહાઉસનું ઉદઘાટન અને ૪૭ અનાજ સંગ્રહ વેરહાઉસનો વર્ચ્યુઅલ શિલાન્યાસ શામેલ હતો.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ભગવત ગીતાનો સાતમો અધ્યાય કે જે જ્ઞાન, વિજ્ઞાન અને યોગ પ્રેરક છે! એનો બોધ શું છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ યોગને બહુ પ્રભાવક પરિબળ તરીકે બતાવે છે! યોગ શબ્દનો સીધોસાદો અર્થ જોડાવું એવો થાય છે, અને આપણે જોડાઈ પણ ગયા પરંતુ યોગની રીતે નહીં ભોગની રીતે!; અને ભોગ સાથે એવાં જોડાયાં કે આજુબાજુ ઉપરનીચે બધે એણે એ જ શોધ્યું! અરે અંતરીક્ષમાં ગયા તો ત્યાં પણ જીવન છે, ખોરાક છે, જે તે સંભવિત ગ્રહ પર કેટલું જોખમ છે! અને કેટલું નથી! એ બધું ભલે જરૂરી છે! પણ ત્યાં આધ્યાત્મિક વાતાવરણ કેવુ છે! શું ત્યાં પરમ તત્વને વધુ અનુભવી શકાય એમ છે! એ વિશે કોઈ માહિતી નથી!; ભારતીય સંસ્કૃતિમાં તો આપણે ઈશ્વર માટે ઉપર વાળો એવું સંબોધન કરીએ છીએ! એ હિસાબે આકાશ ગંગામાં તરતાં આ ગ્રહોમાં પરમ તત્વની અનુભૂતિ સ્વાભાવિક રીતે વધુ થવાની સંભાવના છે! જુદા જુદા વ્યંજનોની અસર અને સ્વાદમાં કોઈ ફેર છે કે નહીં! ઈન્દ્રિયોની અસરકારકતા પૃથ્વી જેટલી જ છે કે વધુ ઓછી! ખડક ધાતુંઓ વગેરેનું પરિક્ષણ પણ થયું! સોના ચાંદી અને હીરા જેવી કિંમતી વસ્તુઓ ત્યાં ઉપલબ્ધ છે કે નહીં? પરંતુ પરમેશ્વર સાથે સતત જોડાયેલા રહેવું, એવું માનવી માટે હવે જરૂરી નથી રહ્યું, અને એટલે ધર્મની ગ્લાનિ થઈ રહી છે! આપણી આજની પેઢી પરંપરા પર ઉપહાસ કરે છે! કોણ રામ? જેણે પોતાની પત્ની સીતાને એક ધોબીનાં કહેવાથી વનવાસ આપ્યો? કોણ કૃષ્ણ? જેને રાધાને છોડીને બીજી ૧૬૦૮ રાણીઓ હતી! અને છતાં અમર પ્રેમની વાતે રાધાને યાદ કરાય છે! આપણાં જ ધર્મ પર આપણને સંશય થાય ત્યારે સમજવું કે આપણો જન્મ નિષ્ફળ ગયો, એટલી હદે આપણે પરમ તત્વથી વિમુખ થઈ ગયાં છે. માટે જ આજે મંગળવારે મનુષ્ય જન્મને સફળ બનાવવાં ગીતાનાં સાતમા અધ્યાયનાં પ્રથમ શ્લોક પર ચિંતન કરીશું.

શ્રીભગવાનુવાચઃ
મય્યાસક્તમનાઃ પાર્થ યોગં યુઞ્જન્મદાશ્રયઃમ
અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુય ૧

હે પાર્થ ! મારામાં મનને જોડીને, મારો આશ્રય લઈને યોગનો અભ્યાસ કર. પછી તું મને સંપૂર્ણ રીતે અને કોઈપણ સંશય વિના કેવી રીતે જાણી શકીશ, તે હવે ધ્યાનથી સાંભળ.

**મય્યાસક્તમનાઃ''મયિ + આસક્ત + મનાઃ એટલે કે મારાં માં તારું મન આસક્ત થાય, કે તારું મન સંપૂર્ણપણે પરમાત્મામાં આસક્ત રહે અથવા સ્થિર કરવું. જ્યારે મન વિષયોમાંથી હટી ભગવાન તરફ વળે છે, ત્યારે આંતરિક શાંતિ પ્રાપ્ત થાય છે. મનુષ્ય જીવન નવ રસ શૃંગાર, હાસ્ય,કરુણ,રૌદ્ર વીર, ભયાનક, બીભત્સ,અદ્ભુત અને શાંત રસની આસપાસ ભમતું હોય છે! એટલે કે મન પરિસ્થિતિ મુજબ આ બધાં ભાવોને અનુભવી અને પ્રતિક્રિયા આપ છે, અને મનને શાંતિની તલાશ રહે છે. પરંતુ આપણું મન જ્યાં સુધી દુન્યવી વ્યવહારમાં અટવાયેલું હશે ત્યાં સુધી એને સુખ એજ શાંતિ છે, એવો ભ્રમ થાય છે, અને એટલે જ એ ક્ષણિક સુખ માટે જીંદગી ખર્ચી નાખે છે! પણ શાંતિ મેળવી શકતો નથી! માટે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે તારાં મનને તું મારામાં પરોવી દે!; પૂર્ણ શરણાગતિની અહીં વાત છે! છે એકદમ સહેલું, કંઈજ કરવાનું નથી, પરંતુ આપણી અસ્થિર બુદ્ધિ, કે અભિમાનને કારણે શરણાગતિ ખાલી કહેવાની જ હોય, મન પરમ તત્વમાં પરોવી શકાતું નથી.

**''યુઞ્જન્મદાશ્રય'' યુઞ્જન + મત + આશ્રય એટલે કે મારો આશ્રય લઈને અથવા મારો આધાર લઈને યોગમાં પ્રવૃત થવું. પરમ તત્વને પામવાનાં કોઈ સાધન નાં માધ્યમથી સતત સાધના કરવી, જેમકે ધ્યાન, ભક્તિ,નિષ્કામ કર્મ અને આત્મચિંતન દ્વારા પરમની સન્મુખ રહેવું. આ શબદની સંધિ છૂટી પડતાં ફક્ત એક શબ્દ,આશ્રય પકડીએ અને અત્યાર સુધીનું જીવન ચિંતન કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ખોટાનો આશ્રય કર્યો! એટલે જીવનની ગતિ રુંધાઈ ગઈ. ક્યારેક વસુ, ક્યારેક વસ્તુ, અને ક્યારેક વ્યક્તિથી પ્રભાવિત થવું, અને એનામય થઈ જીવન જીવવું! દુનિયાનો દસ્તુર છે કે જે સાવ સરળતાથી ઉપલબ્ધ હોય, એ એને સસ્તું લાગે! અને એટલે પોતાની અંદરનાં આત્માને કે પરમ તત્વનો જ અંશ છે, એની વિશે વિચાર્યા વગર બહાર ભટકે છે.

**''અસંશયં સમગ્રં માં''એ શબ્દનો અર્થ છે કે પરમાત્માને માત્ર કોઈ એક સ્વરૂપથી નહીં, પરંતુ તેમના સમગ્ર અસ્તિત્વ પ્રેરક તત્ત્વ સગુણ, નિર્ગુણ, સર્વવ્યાપક અને પરમ સત્ય તરીકે ઓળખવું. પરંતુ સંશય શબ્દ એવો છે કે વાસ્તવિક જીવનમાં સંશય પ્રવેશે એટલે પુરું પરંતુ કેટલીય કઠિન પરિસ્થિતિમાં આપણે સાવ હતાશ થઈ જઈએ પણ એ વખતે સમસ્યાનું નિવારણ આપણે ઈચ્છ્યું હોય એની કરતાં વધુ સારી રીતે થાય, અને આપણને પરમાત્મા હોવાની પ્રતીતિ થાય, પણ વળી દુઃખનાં દહાડા ઓસડ એમ, આ પ્રતિતીની વિસ્મૃતિ થાય, અને વળી પરમ તત્વનાં હોવા વિશે સંશય થાય, વળી સમાધાન, આમ જ દિવસો પર દિવસો વિતી જાય છે. આ શ્લોક સમગ્ર સાતમાં અધ્યાયનું પ્રવેશદ્વાર છે. અહીંથી ભગવાન સમજાવે છે કે માત્ર બૌદ્ધિક જ્ઞાન પૂરતું નથી; અનુભવરૂપ વિજ્ઞાન અને ભગવાન પ્રત્યેની અનન્ય ભક્તિ દ્વારા જ પરમ સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સદગુરુ કૃપા હજી સુક્ષ્મ સ્તરે ચિંતન કરાવે છે! કે આપણી સામે જ પરમાત્મા હોય એમ પ્રકૃતિ સતત પ્રસાદ પીરસી રહી છે! અને આપણે પરમ તત્વને નથી માનતા એવું પણ નથી! પરંતુ ભોગમાં સમ્યક નથી રહી શકતા! અને તેથી એની નિત્ય પ્રતિતી થતી નથી! એનું કારણ પણ અન્ય કોઈ નથી, આપણે જ છીએ! કારણકે આપણું અંતઃકરણ એટલું શુદ્ધ રહી શકતું નથી. મન બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર, આ ચાર પરિબળોથી આ ચતુષ્કોણ બને છે! અને ચતુષ્કોણ માટે જેમ ચાર ખૂણા જરૂરી હોય એમ આપણાં અંતઃકરણ માટે પણ આ ચારેય પરિબળ જરૂરી છે, અને આ ચારે ખૂણાનાં વચ્ચેનાં પરિસરમાં આત્મા છે! આત્મા એટલે પરમાત્મા અને પરમાત્માનો મૂળ સ્વભાવ શાંતિ છે. પરંતુ આ ચતુષ્કોણનું અસંતુલન આપણને આત્મા એવંમ શાંતિ સુધી પહોંચી શકતાં નથી! અને માટે ભગવત ગીતાનો સાતમો અધ્યાય કે જે જ્ઞાન વિજ્ઞાન અને યોગ પ્રેરક છે, એનાં પ્રથમ શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે, કે જો મનુષ્ય પોતાનું મન ઈશ્વરમાં સ્થિર રાખે, ઈશ્વરનો આશ્રય લે અને નિયમિત સાધના કરે, તો તેને ઈશ્વરનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. પરમ તત્વની અનુભૂતિ કરવાં માટે માત્ર માહિતી કે વાંચન પૂરતું નથી, શ્રદ્ધા, અભ્યાસ અને એકાગ્રતા જરૂરી છે. દૈનિક જીવનમાં તેનો અર્થ એ થાય છે કે, મનને યોગ્ય ધ્યેય સાથે જોડવું. સારા માર્ગદર્શક અને સત્યનો આશ્રય લેવો. નિયમિત અભ્યાસ અને પ્રયત્નથી સાચી સમજ મેળવવી.આધ્યાત્મિક અર્થ કરીએ તો મનની એકાગ્રતા અથવા બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવા મનને ઉત્તેજિત કરનારા પરિબળ પર અભ્યાસ દ્વારા સ્થિરતા સાધી શકીએ ત્યારે જ ભક્તિ, યોગ અને જ્ઞાન ત્રણેયનો સુંદર સમન્વય દર્શાવે છે. આપણે સૌ અંતઃકરણ ચતુષ્કોણનાં ચારેય ખૂણા સંતુલિત રાખીને શાંતિ સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### છાસવારે ચર્ચાને ચકડોળે ચડતું યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વધુ એક વખત વગોવાયું

# પોલીસ-વકીલ વચ્ચે બખેડોઃ શાબ્દીક ટપાટપી

## અરજીના કામે તપાસ માટે હેડકોન્સ. રેણુકાબેને અરજદાર શીતલબેન અને સામેવાળાને બોલાવ્યા ત્યારે શીતલબેનના વકિલે અટકાયતી પગલા નહિ, ગુનો નોંધી ધરપકડ કરો કહી પોલીસ સ્ટેશન માથે લીધુંઃ પીએસઆઇ, અન્ય જમાદારને પણ અપમાનીત કર્યા



અંતે છ જણા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો : વકિલો દ્વારા પણ યુનિવર્સિટી પીઆઇ સહિતની વિરૂધ્ધ આકરી રજૂઆત

રાજકોટ,તા.૬

શહેરનું યુનિવર્સિટી પોલીસ સ્ટેશન અવાર-નવાર ચર્ચાના ચકડોળે ચડી રહ્યું છે. દરમિયાન કેવલમ્ ક્વાર્ટરમાં રહેતાં બે મહિલાઓ વચ્ચે થયેલી બોલાચાલી બાબતે શીતલબેન નામના મહિલાએ કરેલી અરજી અનુસંધાને યુનિવર્સિટી પોલીસે સામેવાળાને રવિવારે તપાસના કામે બોલાવતાં તે વખતે શીતલબેન, તેના બહેન, અન્ય બે મહિલા તેમજ વકિલ પણ સાથે આવતાં વકિલે તપાસનીશ મહિલા હેડકોન્સ્ટેબલ સાથે બખેડો ચાલુ કરી પોલીસ સ્ટેશન માથે લીધુ હતું. જેમાં કાયદાના રખેવાળ એવા વકિલે જ મહિલા હેડકોન્સ્ટેબલને લુખ્ખી કહી તારી શું ઔકાત છે? તેવા શબ્દો કરી અપમાન કર્યુ હતું. તો પીએસઆઇ, અન્ય એક હેડકોન્સ્ટેબલ સાથે પણ મનફાવે તેવુ બેહુદુ વર્તન કરતાં વકિલ સહિતની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી. સામે વકિલો દ્વારા પણ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ સહિતની વિરૂધ્ધ આકરી રજૂઆત કરી જવાબદારો સામે કાર્યવાહીની માંગણી કરવામાં આવતાં વકિલ-પોલીસ વચ્ચેનો બખેડો વધુ ગરમાયો છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના પોલીસ બેડામાં ચકચાર જગાવતી આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હેડકોન્સ. રેણુકાબેન જેસંગભાઇ ચૌધરીની ફરિયાદ પરથી રવિભાઇ વાઘેલા, કેવલમ્ ક્વાર્ટરમાં રહેતાં શીતલબેન મનુભાઇ ચાવડા, તેણીના બહેન તેમજ ફરીદાબેન અને એક અજાણી મહિલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હેડકોન્સ. રેણુકાબેન ચૌધરીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં રાઇટર હેડની મદદમાં ફરજ બજાવુ છું. શનિવારે તા. ૪ના રોજ રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરી તરફથી એક અરજી આવી હતી. જેના અરજદાર કેવલમ્ ક્વાર્ટરમાં રહેતાં શીતલબેન મનુભાઇ ચાવડા હતાં.

આ અરજીમાં અરજદાર શીતલબેને પોતાને ૨૯-૩૦મી જુનના રોજ પાડોશી રેખાબેન સહિતની સાથે ઝઘડો થયો હોઇ તેણે ૧૧૨ ઉપર કોલ કર્યાની વિગતો હતી. આ અરજીની તપાસ મને સોંપવામાં આવી હતી. આથી તપાસના કામ માટે અરજદારને રૂબરૂ બોલાવી તેનું નિવેદન લીધુ હતું. ત્યારે અરજદારે કહેલુ કે સામા વાળા આવે ત્યારે પણ અમને બોલાવજો, અમારે પુછવું છે કે આવુ અમારી સાથે શું કામ કરો છે. આ પછી રવિવારે તા. ૫/૭ના રોજ સવારે અગીયારેક વાગ્યે અમે અરજીના સામેવળા નરેન્દ્રભાઇ, ચેતનભાઇ, રેખાબેન, કાનો ઉર્ફે પાર્થને બોલાવ્યા હતાં. આ વખતે અરજદાર શીતલબેન અને તેના બહેન પણ પોલીસ સ્ટેશને આવ્યા હતાં. સામાવાળા અરજદાર સાથે સુલેહ શાંતિનો ભંગ ન કરે તે માટે અરજીના કામે અટકાયતી પગલા મુકવાની કાર્યવાહી અમે ઇન્વે રૂમમાં હાથ ધરી હતી.

હેડકોન્સ. રેણુકાબેને વધુમાં જણાવ્યું હતું કે અટકાયતી પગલાની કામગીરી વખતે અરજદાર શીતલબેને તેમના વકિલ રવિભાઇ વાઘેલાને બોલાવ્યા હતાં. આ વખતે આ લોકોએ મારી ઉલટ તપાસ કરી હતી કે તમે શું તપાસ કરો છો? કેવી રીતે તપાસ કરો છો? અમારે કોગ્નીઝેબલ ગુનો દાખલ કરાવવો છે, આ લોકોની ધરપકડ કરાવવાની છે. આથી મેં તેઓને જણાવેલ કે આ બનાવમાં સુલેહશાંતિ ભંગ થયેલ છે, જે બાબતે હું કાર્યવાહી કરી રહી છું. તેમ કહેતાં વકિલ રવિભાઇ વાઘેલા પુરી વાત સમજ્યા વગર કહેવા લાગેલા કે-આ લોકો સામાવાળને કેમ પુરતા નથી? અમારા અસીલની વિરૂધ્ધ જ અરજી લઇને અટકાયતી પગલા મુકો છો. જેથી મેં કહેલું કે અગાઉની અરજી અમારી પાસે નથી, ફક્ત આપના અસીલ શિતલબેનની અરજી હાલ અમારી પાસે છે, તે લગત જ કાર્યવાહી ચાલુ છે. તમારા અસીલ જે સાહેદ તરીકે લાવ્યા છે તે બહેનનું નિવેદન લેવા દેતા નથી.

આમ કહેતાં રવિભાઇએ મારી અને મારા મદદનીશ કોન્સ. કૃષ્ણસિંહ સુજાનસિંહ સાથે બોલાચાલી કરવા માંડ્યા હતાં. જોર જોરથી મને તુકારે બોલાવવા માંડ્યા હતાં અને મને -લુખ્ખી તારી શું ઓકાત છે? તેવા ન છાજે તેવા શબ્દો કહ્યા હતાં. હેડકોન્સ. રેણુકાબેન ચૌધરીએ વધુમાં કહ્યું હતું કે આ લોકો મારુ કામ કરવા દેતાં ન હોઇ જેથી ડી. સ્ટાફમાંથી પીએસઆઇ એસ. એન. શ્યોરા, એએસઆઇ હિતેષભાઇ જોગડા સહિતને બોલાવ્યા હતાં. આ બધાએ વકિલ રવિભાઇને બહાર જવા સમજાવ્યા હતાં. પણ વકિલે પીએસઆઇ શ્યોરાને પણ તુકારો આપી જેમ તેમ કહી તું સાઇડમાં જા મને જોવા દે તો આની શું ઔકાત છે, તેમ કહી ફરીથી જેમ ફાવે તેમ બોલ્યા હતાં.

આ વખતે પીએસઆઇ સહિતે વકિલને બહાર મોકલી દીધા છતાં તે ફરીથી અંદર આવેલ અને મારી સાથે ગેરવર્તન કર્યુ હતું. આ દરમિયાન હેડકોન્સ. અનુસુચીત જાતીના જયંતિભાઇ રવજીભાઇ રાઠોડ આવી ગયા હતાં અને તે મને સમજાવતાં હતાં કે બહેન તે વકિલ છે, તેઓ આવી ખરાબ ભાષાનો ઉપયોગ કરતાં હોય તો આપણે કાયદેસરની કાર્યવહી કરવાની. આ વાત રવિભાઇ સાંભળતા હોઇ તેને સર્વેલન્સ સ્ટાફ દ્વારા સીડીએથી રૂમ તરફ લઇ જતાં હતાં ત્યારે ફરીથી રવિભાઇએ હેડકોન્સ. જયંતિભાઇને પણ તુંકારો આપી ગાળો દીધી હતી અને કાળા શર્ટ વાળો કોણ છે? હું તને કોર્ટમાં જોઇ લઇશ તેમ કહ્યું હતું. આ દરમિયાન વકિલના અસીલ શીતલબેન અને તેના બહેને મારી સાથે ઝઘડો કરી ઝપાઝપી કરી મને ધક્કો મારતાં જમણી આંખા ભાગે અને માથામાં મુંઢ ઇજા થઇ હતી. આ બંને કહેવા લાગેલ કે તમે સામેવાળાને છાવરો છો, કેમ તમારા સગા થાય છે? તેવો આક્ષેપ કર્યો હતો.

તેમજ તેની સાથે આવેલા છોકરાએ ફોનમાં વિડીયો ઉતારી લીધો હતો. આ વખતે એએસઆઇ જગમાલભાઇ, હેડકોન્સ. વિરદેવસિંહ, કોન્સ. દિવ્યરાજસિંહ, પ્રાદિત્યસિંહ, યોગરાજસિંહ, એએસઆઇ વિરેન્દ્રસિંહ ઝાલા, કોન્સ. ઉમંગભાઇ જોષી, કોન્સ. જીજ્ઞાબેન સહિતના પણ આવી ગયા હતાં. આ બધાએ વકિલ રવિભાઇને સમજાવ્યા હતાં. છતાં તે મને અને જયંતિભાઇને ન બોલવાનું બોલ્યે રાખ્યા હતાં. બાદમા મેં આ અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવી હતી. આ દરમિયાન શિતલબેન સાથે આવેલા ફરીદાબેન અને એક અજાણ્યા મહિલાએ પણ શીતલબેન સાથે મળી ઉશ્કેરણી કરી ગાળો દીધી હતી. આમ વકિલ રવિભાઇ, તેમના અસીલ શીતલબેન, તેણીના સગા બહેન તેમજ સાથેના ફરીદાબેન અને અજાણી મહિલાએ ભેગા મળી મારી ફરજમાં રૂકાવટ કરી ઝપાઝપી કરી ધક્કો મારી ઇજા પહોંચાડી હતી.

તેમજ વકિલે મને ગુનાહીત ધમકી આપી અપમાન કરી ન છાજે તેવા શબ્દો બોલ્યા હતાં. તેમજ સ્ટાફને પણ ગર્ભીત ગુનાહિત ધમકી આપી હતી. તેમ વધુમાં હેડકોન્સ. રેણુકાબેન ચૌધરીએ જણાવતાં પીએસઆઇ એન. વી. ચાવડાએ ગુનો નોંધી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર ઘટનાએ શહેરના પોલીસબેડામાં ચકચાર જગાવી દીધી હતી. આ બનાવને પગલે આખુ પોલીસ સ્ટેશન ભેગુ થઇ ગયું હતું. આ ઘટનાનો વિડીયો પણ સોશિયલ મિડીયામાં વહેતો થઇ ગયો હતો. આ બનાવમાં મહિલા હેડકોન્સ્ટેબલની ફરિયાદ પરથી આકરી કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં વકિલ રવિ વાઘેલા સામે થયેલી ફરિયાદની તટસ્ત તપાસ કરવા અને માર મારનાર સ્ટાફ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની રજૂઆત રાજકોટ બાર એસોસિએશન દ્વારા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે લીલા રંગનું ટી-શર્ટ પહેરેલા મહિલા પોલીસ કર્મચારીએ વકિલને કહેલું કે આ પોલીસ સ્ટેશન છે, અહિ વકિલોએ આવવું નહિ. તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી હતી. વકિલને મારકુટ કરી તેની સામે ખોટો ગુનો દાખલ કરાયો હોઇ આ કૃત્યના રાજકોટ બાર એસોસિએશનમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આ કિસ્સામાં વકિલ સાથે ખોટુ થયું હોઇ તેની પણ ફરિયાદ પરથી ગુનો નોંધવા અમારી માંગણી છે. પોલીસ પ્રજાનો મિત્ર છે એવું વારંવાર ઉચ્ચ અધિકારીઓ કહે છે, પરંતુ આ વાત માત્ર કાગળ ઉપર હોય તેમ લાગે છે. રાજકોટ બાર એસોસિએશન, હોદ્દેદારો પીઆઇ દવેને રજૂઆત કરવા જતાં તેમણે પણ મને વકિલ ગમતા જ નથી તેમ કહ્યું હતું અને બેથી વધુ વકિલ આવે તે મને પસંદ નથી તેવું કહી દીધુ હતું. પીઆઇએ એવું પણ કહ્યું હતું કે બહુ તો મારી બદલી થઇ જાય, એ લેડી કોન્સ્ટેબલ મારો સ્ટાફ છે અને ૨૫ વર્ષના છે, એ ગરમ થાય, તમારે ગરમ ન થવાય. મારો નેચર આ જ છે, વધીને મારી બદલી થાય. તેવુ વર્તન કર્યુ હતું. તેમ રાજકોટ બાર એસોસિએશને પોતાની લેખીત રજૂઆતમાં જણાવ્યું છે. બાર એસોસિએશના પ્રમુખ સુમિત વોરા સેક્રેટરી નિલેશ પટેલ, સદસ્ય દિલીપ પટેલ સહિતે આ રજૂઆત કરી હતી.





### દારૂના ધંધાર્થીઓ પર ધોંસ યથાવતઃ કાયદો વ્યવસ્થા જાળવવા ખાસ ઝુંબેશ હેઠળ ઠેકઠેકાણે ચેકીંગ

# હાથીખાનામાં પ્લમ્બર સવા ત્રણ લાખના દારૂ સાથે પકડાયો

## પીસીબીની ટીમે ડેલામાં દરોડો પાડી પકડ્યોઃ બીજી તરફ શહેરભરની પોલીસની ઠેકઠેકાણે ડ્રાઇવમાં નશો કરેલા, દારૂ સાથે, છરી સાથે છવ્વીસ પકડાઇ ગયા

રાજકોટ,તા.૬

શહેરમાં દારૂના ધંધાર્થીઓ પર પોલીસની ધોંસ યથાવત રહી હતી. પીસીબીની ટીમે હાથીખાના મેઇન રોડ પરથી એક શખ્સને રૂા. ૩,૩૨,૯૨૮ના વિદેશી દારૂ સાથે ઝડપી લીધો હતો. કુવાડવા રોડ પર રહેતો શખ્સ હાથીખાનામાં ડેલામાં દારૂનો જથ્થો ઉતારી વેંચાણ કરવાનો છે તેવી માહિતી પરથી કાર્યવાહી થઇ હતી. બીજી તરફ કાયદો વ્યવસ્થા જાળવી રાખવા પોલીસે ખાસ ડ્રાઇવ યોજી ચેકીંગ ઝુંબેશ આદરી દારૂ સાથે, દારૂ પીધેલા, દારૂ પી વાહન હંકારી નીકળેલા અને છરી સાથે નીકળેલા છવ્વીસ શખ્સોને પકડી કાર્યવાહી કરી હતી.

વિદેશી દારૂના દરોડાની વિગતો જોઇએ તો પીસીબીની ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. રાહુલગીરી ગોસ્વામી, અને કોન્સ. વાલજીભાઇ જાડાને બાતમી મળી હતી કે કેનાલ રોડ હાથીખાના મેઈન રોડ પર અમર પાનની બાજુમાં આવેલા એક ભાડાના ડેલામાં મનોજ રામાવત નામના શખ્સે વેચાણ અર્થે ઇંગ્લિશ દારૂનો જથ્થો છુપાવ્યો છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ દરોડો પાડી ડેલામાં તપાસ કરતાં દારૂનો જથ્થો મળ્યો હતો. આ વખતે ડેલામાં હાજર શખ્સે પુછતાછમાં પોતાનું નામ મનોજ શંકરભાઈ રામાવત જણાવ્યું હતું.

પોલીસે ચામુંડા સોસાયટી, કુવાડવા રોડ, રણછોડદાસ આશ્રમ પાસ રહેતાં ૪૩ વર્ષના આ શખ્સને પકડી લીધો હતો. પોતે પ્લમ્બીંગ કામ કરતો હોવાનું તેણે કહ્યું હતું. પોલીસે ડેલાની અંદર તપાસ કરતા ત્યાંથી એઇટ પીએમ વ્હીસ્કી લખેલા પુંઠાના કુલ ૨૪ બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સ ખોલીને જોતાં તેમાંથી ૧૮૦ એમએલના કુલ ૧૧૫૨ ચપલા મળી આવ્યા હતાંઉ જેની કિંમત





૩,૩૫,૯૨૮ ગણી કબ્જે કરી મનોજ રામાવત વિરૂધ્ધ એ-ડિવીઝન પોલીસમાં ગુનો દાખલ કરાવી તેની ધરપકડ કરી હતી. તે આ દારૂ ક્યાંથી લાવ્યો? તેની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીકના માર્ગદર્શન હેઠળ ઇન્સપેક્ટર એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, ઘનશ્યામસિંહ, હેડકોન્સ. કિરતસિંહ, વિરેન્દ્રસિંહ, હરદેવસિંહ, કુલદીપસિંહ, વિજયભાઇ, ઉમેશભાઇ, દિલીપભાઇ, રાહુલગીરી, નગીનભાઇ, હિરેનભાઇ, કોન્સ. યુવરાજસિંહ, દેવરાજભાઇ, વાલજીભાઇ, હિરેન્દ્રસિંહ, વિશાલભાઇ અને ડ્રા. હેડકોન્સ. જયેશભાઇએ કરી હતી.

બીજી તરફ શહેરભરમાં અલગ અલગ પોલીસ સ્ટેશના દ્વારા ખાસ ડ્રાઇવ યોજાઇ હતી. જેમાં છવ્વીસ શખ્સો ગુનો આચરતા પકડાયા હતાં. દારૂબંધીને લગતાં અગીયાર કેસ નોંધાયા હતાઉ જેમાં માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે સઘન ચેકિંગ હાથ ધરીને રામવિહાર સોસાયટીમાંથી રમાબેન તુલસીભાઈ આંબાલિયાને ૧૭ લીટર દેશી દારૂના જથ્થા સાથે ઝડપી લેવાઇ હતી. જ્યારે અન્ય એક દરોડામાં ગોકુલનગર શેરી નં.૧ પાસેથી હિતેશ કિશોરભાઈ પરમારને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮ સીલપેક બોટલો સાથે દબોચી લેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનની ટીમે રૈયાધાર મફતીયાપરા ચારબાઈમાંના મંદિર પાસેથી વિજયાબેન અરવિંદભાઈ સોલંકીને પોતાના કબ્જામાં ૧૫ લીટર દેશી દારૂ રાખી વેચાણ કરવા નીકળતાં પકડી લેવાઇ હતી. થોરાલા પોલીસ સ્ટેશનની ટીમે સંતકબીર રોડ ગોકુલ આવાસ સામેથી હર્ષદ ચુનીભાઈ મુલીયાને ઇંગ્લિશ દારૂની ૩ બોટલ સાથે પકડી લેવાયો હતો. આ જ પોલીસ મથક હેઠળ કુબલીયાપરા શેરી નં.૫માંથી રાજુબેન ભીમાભાઈ સોલંકીને ત્યાં દરોડો પાડીને દેશી દારૂ બનાવવાનો ગરમ-ઠંડા આથો, તૈયાર દેશી દારૂ તેમજ સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી મહિલા બુટલેગરને ઝડપી લીધી હતી.

તેમજ આજી ડેમ પોલીસે હાઇવે પર વોચ ગોઠવી ગોંડલ ચોકડી પાસેથી મોતિઉર રહેમાન મોસ્તકિમ ખાન નામના શખ્સને કિંગફિશર સ્ટ્રોંગ બીયરના ૫૧ ટીન સાથે હુન્ડાઈ કંપનીની ક્રેટા કાર જીજે૦૩એમઆર-૪૫૩૩માંથી ઝડપી ગુનો નોંધ્યો હતો. એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખત્રીવાડ ચોક સોની બજારમાંથી પલસ તેલકર સરકાર અને સુખદીપ બાપીભાઈ ભૈયા નામના બે પશ્ચિમ બંગાળના શખ્સોને એઇટ પીએમ વ્હીસ્કીના ત્રણ-ત્રણ ચપલા સાથે પકડી લેવાયા હતાં.

જ્યારે કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર રંગીલા સોસાયટી પાસેથી અરવિંદ માવજીભાઈ તલાવડીયાને મોટરસાયકલ જીજે૦૩એમજી-૪૯૫૫ દારૂ પીધેલી હાલતમાં હંકારીને નીકળતાં પકડી લેવાયો હતો. ભક્તિનગર પોલીસ સ્ટેશનની ટીમે પટેલ નગર પાસેથી હિતેશ માધવભાઈ પાટડીયાને સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ જીજે૦૩ઈકે-૦૬૭૬ દારૂ પી હંકારીને નીકળતાં ઝડપી લીધો હતો. આ જ વિસ્તારમાંથી કમલેશ વસંતભાઈ ઉતેરીયાને અને ૮૦ ફૂટ રોડ સોરઠીયાવાડી સર્કલ પાસેથી ભીખુ નારણભાઈ ઉનેવાળને દારૂ પી વાહન ચલાવતા દબોચી લેવાયા હતા.

એ ડીવીઝન પોલીસ સ્ટેશનની ટીમે એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળ જનકી મોબાઈલ દુકાન પાસેથી મહીપત કુરજીભાઈ ચાવડા અને અનીલ અરજણભાઈ વણોલને નશાની હાલતમાં ઝડપ્યા હતા, જ્યારે ખત્રીવાડ ચોક સોની બજારમાંથી ગણેશ નિમાઇ ડોલાઇને પણ કેફી પ્રવાહી પીધેલી હાલતમાં પકડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટી પોલીસે રૈયાધાર દશામાના મંદિર પાસેથી જગદિશ કરશનભાઈ પરમારને કાળા કલરના એક્ટિવા પર અને રૈયાધાર મફતીયાપરા વંડા પાસેથી મહેશ મોહનભાઈ વાગડીયાને ઇલેક્ટ્રિક મોપેડ દારૂ પી હંકારતા પકડી લીધા હતા.

પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનની ટીમે પરસાણાનગર શેરી નં.૧ પાસેથી રાજેશ જીવરાજભાઈ વાઘેલાને નશો કરેલી હાલતમાં, માલવીયાનગર પોલીસે પંચવટી મેઈન રોડ પરથી કિરણભાઈ ઉર્ફે કાનો રમેશભાઈ ટોયટાને જાહેર રોડ પરથી તેમજ રાજકોટ તાલુકા પોલીસે જડુસ હોટલ પાસે આંબેડકરનગર મેઈન રોડ પરથી સુનિલભાઈ પરીખનભાઈ ઠાકોરને દારૂ પી બાઇક પર નીકળતાં પકડી લેવાયો હતો. આજી ડેમ પોલીસ સ્ટેશનની ટીમે હુડકો ચોકડી પાસેથી મહેશ ઘોઘાભાઈ મકવાણાને પોતાના કબ્જામાં છરી રાખીને ફરતા ઝડપી પકડી લીધો હતો.

આ ઉપરાંત સરધારગામ ભુપગઢ ચોકડી પાસેથી વાલસિંગ ભાયલાભાઈ દાવર નામના શખ્સને છરી સાથે પકડી લેવાયો હતો. યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મચ્છુનગર ટાઉન શીપ પાસે રોડ પરથી નરેશ માનસિંગ તડવીને, તાલુકા પોલીસે વાવડી ગામ ગેઇટ પાસે જાહેર રોડ પરથી પિન્ટુ રાજેન્દ્રભાઈ રજકને છરી સાથે પકડી પાડ્યો હતો. તેમજ કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર માંધાતા સોસાયટી પાછળથી સામત જેરામભાઈ અજાડીયાને પેન્ટના નેફામાંથી લોખંડની સ્ટીલના પાનાવાળી છરી સાથે ઝડપી પાડી જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.



# પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી સફળતાને બિરદાવતા PM

## મંત્રીઓને સંકલન જાળવવા તાકીદઃ 'ફક્ત યોજનાઓ જાહેર કરવાથી નહીં, લોકો સુધી લાભ પહોંચે તે નિશ્ચિત કરો'

ગાંધીનગર, તા.૬

ગત શનિવારે ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ વિમાની મથકે રાજ્ય કેબિનેટના તમામ મંત્રીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં વડાપ્રધાને રાજ્ય સરકારની કામગીરીનો તાગ મેળવ્યો હતો. પોતાના વ્યસ્ત શેડ્યૂલ વચ્ચે પણ દર બે-ત્રણ મહિને ગુજરાતની મુલાકાત લઈ વડાપ્રધાન રાજ્યના વિકાસની સતત ચિંતા અને સમીક્ષા કરી રહ્યા છે.

સાણંદ ખાતે વધુ એક સેમીકન્ડક્ટર પ્લાન્ટ ખુલ્લો મુકવા આવેલા પીએમ મોદી દિલ્હીથી ગુજરાતના સેમીકન્ડક્ટર મિશન પર સીધી નજર રાખી રહ્યા છે. તેમણે ગુજરાતના ચારેય ઝોનમાં યોજાયેલા અલગ-અલગ વાઈબ્રન્ટ ગુજરાત શોની સફળતા બદલ રાજ્ય સરકારની પીઠ થાબડી હતી. મંત્રીઓને સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે માત્ર સારી યોજનાઓ જાહેર કરી દેવાથી કામ પૂર્ણ થતું નથી. કેન્દ્રીય યોજનાઓના મોનિટરિંગનું દ્રષ્ટાંત આપતા તેમણે કહ્યું કે, યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું અત્યંત જરૂરી છે.

સરકારી કામગીરીમાં તમામ વિભાગો વચ્ચે બહેતર સંકલન જળવાઈ રહે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ૨૦૦૧થી શરૂ થયેલી 'ટીમ ગુજરાત'ની ભાવનાને વધુ મજબૂત રીતે આગળ ધપાવવા તેમણે મંત્રીઓને પ્રેરિત કર્યા હતા. રાજ્યમાં વરસાદની વર્તમાન સ્થિતિ અંગે અપડેટ મેળવવાની સાથે વડાપ્રધાને સંગઠન પાસેથી આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પૂર્વેની તૈયારીઓ અંગે પણ અગત્યની ચર્ચા કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં બુલેટ ટ્રેન તેમજ અન્ય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાણંદથી પરત ફર્યા બાદ દિલ્હી રવાના થતા પૂર્વે તમામ મંત્રીઓ એરપોર્ટ પર વિશેષ હાજર રહ્યા હતા.

કંપનીમાંથી નિવૃત થયેલા વૃધ્ધને વિશ્વાસમાં લઇ સાયબર ગઠીયાઓ ઘા કરી ગયા

# શેરબજાર-IPOમાં કમાવવા જતાં દોઢ કરોડ ગૂમાવ્યા

## પાંસઠ વર્ષેના વૃધ્ધે મરણમુડી ગુમાવી દીધીઃ સાયબર ક્રાઇમ પોલીસની કાર્યવાહીથી સવા પાંચ લાખ પાછા મળ્યાઃ બીજી ઘટનામાં કોલસાના ધંધામાં કારીગીરી-વેપારીને નેવુ લાખનો ધૂંબો

રાજકોટ, તા. ૬

ઓનલાઇન ફ્રોડ આચરતા ગઠીયાઓ રોજેરોજ લાખો કરોડો રૂપિયા ઉસેડી રહ્યા છે. વધુ આવી એક ઘટના બની છે જેમાં પાંસચઠ વર્ષના વૃધ્ધને આઇપીઓ અને શેર બજારમાં રોકાણ કરી રૂપિયા કમાવી આપવાની લાલચ દઇ સાયબર ગઠીયઓ અધધધ દોઢ કરોડનો ચૂનો લગાવી ગયા છે. વૃધ્ધને એક ગ્રુપમાં એડ કરી આ ગ્રુપમાં જે કંઇ સોદા પડે છે એ સેબી માન્ય છે તેવા નકલી કાગળો મોકલી બાદમાં એસીપીના નામે વાત કરી આ વૃધ્ધને ફસાવી લેવાયા હતાં અને એક કરોડ એકાવન લાખનું ફ્રોડ આચરી લેવાયુ હતું.

વિગતો પર નજર કરીએ તો ભોગ બનેલા પાંસઠ વર્ષના વૃધ્ધ વડોદરામાં રહે છે. તેઓ ઓનલાઇન ઠગોની જાળમાં ફસાઇ ગયા હતાં. નિવૃત્ત સિનિયર સિટીઝનને આઇપીઓ અને શેર ટ્રેડિંગમાં મોટા નફાની લાલચ આપી ઠગોએ તેમને વોલસ્ટ્રીટ ધર્મા-ડી-૯ ગ્રુપમાં સામેલ કર્યા હતા. સેબીના બોગસ કાગળો અન એસીપી ગોડસેના નામે વાત કરીને વિશ્વાસ કેળવ્યો હતો. પણ છેલ્લે તેમને છેતરાઇ ગયાની ખબર પડતાં આખરે સાયબર સેલમાં ફરિયાદ નોંધાવતા કોર્ટ મારફતે સવા પાંચ લાખ પરત મળ્યા હતાં. બાકીની રકમ ગુમાવી દીધી હતી.

વિશેષ માહિતી જોઇએ તો ઓનલાઇન ઠગોની ઇન્વેસ્ટમેન્ટની જાળમાં ફસાયેલા વડોદરાના વધુ એક સિનિયર સિટિઝને જિંદગીની બધી જ મૂડી ગૂમાવી દીધી છે. એક કરોડ એકાવન લાખ ગૂમાવનારા વૃધ્ધ સાથે ફ્રોડ આચરનાર સાયબર ગઠીયાઓને શોધવા સાયબર ક્રાઇમ પોલીસની ટીમો કામે લાગી હતી. વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં રહેતા પાંસઠ વર્ષીય સિનિયર સિટિઝન ખાનગી કંપનીમાંથી નિવૃત્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. બીમારીનું કારણ દર્શાવી નામ જાહેર નહિ કરવાની શરતે પોલીસ ફરિયાદ કરનાર સિનિયર સિટિઝન ઠગોની જાળમાં ફસાયા હતા.

આ કિસ્સામાં સિનિયર સિટિઝનને ઠગોએ આઇપીઓ તેમજ પસંદગીના શેરોમાં ટ્રેડિંગ કરીને જંગી નફો કમાવી આપવાની લાલચ આપી ઠગોએ વોલસ્ટ્રીટ ધર્મા-ડી-૯ ગ્રુપમાં સામેલ કર્યા હતા.જેમાં ઠગો દ્વારા સારો નફો મેળવનારા ગ્રુપ મેમ્બરોના સ્ક્રીન શોટ મૂકવામાં આવતા હતા.ત્યારબાદ તેઓને



ખુશી ગોયેલ, ડો રાજીવ સિંઘ જેવા ગ્રુપ એડમિન દ્વારા બીજા ગ્રુપમાં એડમિન કરવામાં આવ્યા હતા. ઠગો દ્વારા જે રીતે ઇન્વેસ્ટરોને ડિજિટલ એકાઉન્ટ ખોલાવી થોડી રકમ પરત કરીને મોટી રકમનું રોકાણ કરાવવામાં આવે છે તે રીતે કલાલીના સિનિયર સિટિઝનનું પણ ડિજિટલ એકાઉન્ટ ખોલી તેમાં રોકાણની સામે મોટો નફો બતાવવામાં આવ્યો હતો.

રોકાણ કરી રહેલા આ વૃધ્ધને વિશ્વાસમાં લેવા માટે ઠગોએ સેબીના બોગસ કાગળો મોકલ્યા હતા અને એસીપી ગોડસેના નામે પણ વાત કરતા હતા. અઢી મહિનાના ગાળામાં કુલ રૂપિયા ૧.૫૭ કરોડ ટ્રાન્સફર કર્યા હતા.પરંતુ તેની સામે રકમ ઉપાડી શકાતી નહતી અને કોઇનેકોઇ ટેક્સ બતાવી વધુ રૃપિયા માગવામાં આવતા હતા.જેથી તેમને શંકા જતાં સાયબર સેલને જાણ કરતાં કોર્ટ મારફતે રૂપિયા ૫.૨૪ લાખ પરત મળ્યા હતા.પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક વૃધ્ધ સાયબર ગઠીયાઓની જાળમાં ફસાવા હતાં અને મરણ મુડી ગુમાવી દીધી હતી.

બીજી એક ઘટના જોઇએ તો ગાંધીધામ કંડલા મરીન પોલીસ મથકે કોલસાના વેપારના નામે નવસારીના એક વેપારી સાથે રૂ. નેવુ લાખની મોટી ઠગાઈ આચરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. નવસારીમાં ક્રસ્ટલ કોલ કોર્પોરેશન નામની પેઢી ધરાવતા નિરવભાઈ જયંતિભાઈ કાનાણીએ મુંબઈ અને અમદાવાદના બે શખ્સો વિરૂદ્ધ ગુનાહિત કાવતરૂ રચી વિશ્વાસઘાત કરવા અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસ વિગતો મુજબપેસેફિક કોમોડિટીઝ કંપનીના ઓથોરાઈઝ્ડ વ્યક્તિ વિવેકાનંદ વિનોદકુમાર શ્રીવાસ્તવ અને વેપારના ગેરંટીદાર તરીકે એફ.ડી. આપનાર દેવાંગ શાહએ નિરવભાઈ સાથે કોલસાના વેપાર અંગે વાતચીત કરી હતી.

ત્યારબાદ ફરિયાદીએ ક્રેડિટ પર માલ આપવાની ના પાડતા આરોપીઓએ સિક્યુરીટી તરીકે ૪ ફિક્સ ડિપોઝિટ આપી હતી અને જણાવ્યું હતું કે જો સમયસર ચૂકવણી નહીં થાય તો લિયન માર્ક કરેલી એફ.ડી.માંથી નાણાં વસૂલ કરી શકાશે. આ લિયન માર્કની પુષ્ટિ માટે આરોપીઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નકલી ઈમેલ આઈડી પરથી વેપારીના ઓફિશિયલ મેઈલ પર ખોટો રેફરન્સ મોકલી વિશ્વાસ જીત્યો હતો. આ વિશ્વાસના આધારે વેપારીએ ઓગસ્ટથી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન કંડલા અને મગદલ્લા પોર્ટ પરથી ૩૩ અલગ-અલગ ટ્રકોમાં અંદાજે રૂ. ૧,૪૭,૦૧,૩૨૯ની કિંમતનો કોલસો આરોપીઓને વેચ્યો હતો. જેમાંથી આરોપીઓએ અલગ-અલગ સમયે માત્ર રૂ. ૫૭,૦૦,૦૦૦ બેંકમાં જમા કરાવ્યા હતા અને બાકીના રૂ. ૯૦,૦૧,૩૨૯ આપ્યા નહોતા.

પ્રોસીઝર બાદ પણ નાણાં ન મળતા વેપારીએ જ્યારે એસબીઆઈ બેંકમાં તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે એફ. ડી. તો સાચી છે પણ તે વેપારીના ખાતા સાથે લિયન માર્ક થયેલી નથી. આ ઉપરાંત મુખ્ય આરોપી વિવેકાનંદે આપેલું આધાર કાર્ડનું સરનામું પણ ખોટું હોવાનું બહાર આવ્યું હતું. કંડલા મરીન પોલીસે આ અંગે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# એંસી વર્ષના વૃધ્ધધને મનિષાએ દીધો ૧૮ લાખનો ડામ

સોશિયલ મિડીયા મારફત મેસેજ મોકલી પહેલા વાતો કરી, પછી ફસાવી લીધા ફ્રોડની જાળમાં

શેર બજારમાં નાણા રોકવાથી ટુંકા ગાળામાં ડબલ થઇ જાય કહી લપેટ્યાઃ રોકાણ પર એક કરોડનો નફો દેખાયો, વૃધ્ધે વીસ લાખ ઉપાડવા પ્રયાસ કરતાં પ્રોસેસના નામે વધુ એક લાખ ઉસેડી લેવાયાઃ અંતે તેમને ગ્રુપમાંથી રીમુવ કરી ફોન બંધ કરી દેવાયો

રાજકોટ, તા. ૬

ઓનલાઇન શેર બજારમાં રોકાણના નામે લોકોને છેતરી લેવાના કિસ્સાઓ અટકતા જ નથી. વધુ એક બનાવમાં એક વૃધ્ધ સાથે આવી રીતે પોણા અઢાર લાખની ઠગાઇ થઇ છે. વૃધ્ધને વ્હોટ્સએપ ગ્રુપમાં જોડીને બાદમાં શેર બજારમાં રોકાણ કરવા લલચાવી લાખો ઉસેડી લેવાયા હતાં. એંસી વર્ષના વૃધ્ધને પહેલા તો મનિષા નામની યુવતિનો મેસેજ આવ્યો હતો. એ પછી તેણીએ વાતો કરી આ વૃધ્ધને લપેટ્યા હતાં. બાદમાં પોતે શેર બજારમાં રોકાણ કરે છે અને ખુબ કમાણી કરે છે તેવી લાલચ આપી આ વૃધ્ધને રોકાણ કરવા માટે લલચાવ્યા હતાં. જોતજોતામાં વૃધ્ધે સત્તર લાખ સત્યોતેર હજાર રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતાં. પરંતુ બાદમાં વળતરના બદલે ઠેંગો મળ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના પ્રહલાદનગરમાં રહેતા એંસી વર્ષીય વૃદ્ધ સાથે ઓનલાઈન શેરબજારમાં રોકાણ કરવાના બહાને રૂ. સત્તર લાખ સત્યોતેર હજારની ઠગાઈ થઈ હતી. આરોપીઓએ લક્ષ્મી કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ નામની બનાવટી કંપની ભી કરી વૃધ્ધને વોટ્સએપ ગ્રૂપમાં જોડી શેરબજારમા ચા વળતરનું આશ્વાસન આપી પૈસા પડાવ્યા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી મુજબ આ વૃધ્ધને અજાણ્યા વોટ્સએપ નંબર પરથી મનીષા શાહનો મેસેજ આવ્યો હતો. મનિષાએ શરૂઆતમાં તો આ વૃધ્ધ સાથે મેસેજથી વાતો કરી હતી. એ પછી વિશ્વાસમાં લીધા હતાં અને ફોન કરી પોતે એક કંપનીમાં રોકાણ કરે છે, શેર બજારની આ કંપની છે અને તેમાં ટુંકા ગાળામાં મોટુ વળતર મળે છે તેમ કહી વૃધ્ધને લલચાવ્યા હતાં.



વાતોમાં આવી ગયેલા આ વૃધ્ધને મનિષાએ કહેલું કે લક્ષ્મી કેપિટલમાં રોકાણ કરવાથી છ મહિનામાં પૈસા ડબલ થઈ જશે. તેણીની વાત વૃધ્ધને સાચી લાગી હતી. કારણ કે તેમને સેબીના લોગોવાળા સર્ટિફિકેટ, વિવિધ બેંક ખાતાની વિગત પણ આ કહેવાતી મનિષાએ મોકલી હતી. મોકલી હતી. વૃદ્ધને શરૂમાં લક્ષ્મી કેપિટલ ગ્રૂપ બાદમાં વીઆઈપી ગ્રૂપમાં એડ કર્યા હતા. આ પછી સુમિત શર્મા નામના શખસે ક્વોન્ટ ફંડ અને એસએમઈ આઈપીઓમાં રોકાણનું જણાવતા વૃદ્ધે અલગ-અલગ બેંક ખાતામાંથી રૂ.૧૭.૭૭ લાખ ટ્રાન્સફર કર્યા હતા. રોકાણ સામે એક કરોડનો નફો બતાવ્યા બાદ વૃદ્ધે રકમ ઉપાડવા પ્રયાસ કરતા વધુ પૈસા માગી વાત બંધ કરી હતી.

ત્યારબાદ વૃદ્ધને લક્ષ્મી કેપિટલના અન્ય વિવિધ વોટ્સએપ ગ્રૂપમાં જોડીને રોકાણ વધારવા દબાણ કર્યું હતું, સમયાંતરે નફાના ખોટા સ્ક્રીનશોટ બતાવી એક્યાસી દિવસ સુધી છેતરપિંડીની જાળમાં ફસાવી રાખ્યા હતા. વૃદ્ધે રોકાણ પર વળતર પૈકી વીસ લાખ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે આરોપીઓએ ટેક્સ અને કમિશનના નામે વધુ એક લાખ પડાવી લીધા અને એક્યાસી દિવસ બાદ સંપર્ક તોડી નાખ્યો હતો.

ત્યારે તેમને છેતરાઇ ગયાની ખબર પડતાં સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરતાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ રીતની ઠગાઇઓ રોજબરોજ થાય છે. લોકો જાગૃત થવાને બદલે વધુને વધુ છેતરાઇ રહ્યા છે. તેમાં પણ વૃધ્ધો વધુ શિકાર બની રહ્યા છે. તેનો આ ઘટના પુરાવો આપી રહી છે.

ગુનો આચર્યા પછી અમુક તુરત પકડાય, અમુક વર્ષો સુધી ન આવે હાથમાંઃ વધુ ત્રણ નોંધપાત્ર કામગીરી

# છ વર્ષથી ભાગતો ફરતો લાલો ઝડપાયો

ડીસીબીના દારૂના ગુનામાં છ વર્ષ સુધી પોલીસને થાપ આપી હતીઃ બીજી તરફ બે સગીરાના અપહરણના ગુના ઉકેલાયાઃ એક સગીરા પુનાથી, બીજી રાજકોટથી મળીઃ અપહરણકારોને પણ પકડી માલવીયાનગર, બી-ડિવીઝનને સોંપાયાઃ પેરોલ ફરલો સ્ક્વોડ અને એએચટીયુની ટીમોને સફળતા

રાજકોટ, તા. ૬

શહેરમાં અલગ અલગ ગુના આચરીને ભાગી જતાં આરોપીઓને શોધવા શહેર ક્રાઇમ બ્રાંચ અને પેરોલ ફરલો સ્ક્વોડ તેમજ સગીરાના અપહરણના કેસોમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમો નોંધપાત્ર કામગીરી કરી રહી છે. વધુ આવા ત્રણ આરોપીઓને શોધી કાઢવામાં આવ્યા હતા. એક શખ્સ ડીસીબીમાં છ વર્ષ પહેલા દારૂના ગુનામાં પકડાયા બાદ સતત છ વર્ષથી ફરાર હતો. તેને વાંકાનેરથી આબાદ ઝડપી લેવાયો હતો. આ શખ્સ અલગ અલગ નામ બદલીને ભાગતો ફરતો હતો. અન્ય બે કિસ્સામાં બે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં સગીરાઓના અપહરણ થયા ના ગુના દાખલ થયા હતાં. આવા બે ગુનામાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે એક સગીરાને પુનાથી, બીજીને રાજકોટથી શોધી તેને ભગાડી જનારાઓને પણ પકડી લઇ જે તે પોલીસ સ્ટેશનમાં સોંપ્યા હતાં.વિગતો પર નજર કરીએ તો ભાગતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા શહેર પોલીસ ખાસ ઝુંબેશ ચાલવી રહી છે. તે અંતર્ગત વધુ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. દારૂના ગુનામાં છેલ્લા છ વર્ષથી ફરાર વાંકાનેરના શખ્સને રાજકોટ શહેર પેરોલ ફરલો સ્ક્વોડની ટીમે વાંકાનેરથી પકડી ડીસીબી પોલીસને સોંપ્યો હતો. વાંકાનેરમાં રહેતો શખ્સ રાજકોટ ડીસીબી પોલીસમાં છ વર્ષ પહેલા નોંધાયેલા દારૂના ગુનામાં સતત ફરાર હતો. અલગ અલગ ગુનામાં ફરાર શખ્સોને શોધી કાઢવાની હાલ ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત પેરોલ ફરલો સ્ક્વોડની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનીકલ સોર્સના આધારે તપાસ કરતાં બાતમી મળી હતી કે વર્ષ ૨૦૨૦માં ડીસીબી પોલીસમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર આરોપી વાંકાનેર રહે છે. બીજી તરફ અપહરણના ગુનામાં બે સગીરાને શોધી કાઢવામાં આવી હતી. શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતી સત્તર વર્ષની એક સગીરા ગૂમ થઇ જતાં પોલીસને જાણ કરવામાં આવતાં અપહરણનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં અપહ્રત બાળાને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે મહારાષ્ટ્રના પુનાથી શોધી કાઢી માલવીયાનગર પોલીસને સોંપી હતી. થોડા સમય પહેલા એક સગીરા ગાયબ થઇ જતાં તેના વાલીઓએ શોધખોળ શરૂ કરી હતી. પરંતુ પત્તો ન મળતાં પોલીસને જાણ કરતાં આ મામલે તુરત અપહરણનો ગુનો દાખલ કરાયો હતો. આવી જ રીતે અન્ય એક અપહરણના ગુનામાં પણ સફળતા મળી હતી. એએચટીયુની ટીમે બી-ડિવીઝન પોલીસના અપહરણના ગુનામાં પણ સત્તર વર્ષની સગીરાને શોધી કાઢી છે. આ સગીરા રાજકોટમાં જ હોવાની માહિતી મળતાં ટીમ હ્યુમન સોર્સિસના આધારે તેના સુધી પહોંચી હતી અને સગીરાને તથા તેને ભગાડી જનારને શોધી બી-ડિવીઝન પોલીસને સોંપ્યા હતાં. આ બંને કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ આર. કે. ગોહિલ, એએસઆઇ અજયકુમાર શુક્લા, સલિમભાઇ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેડકોન્સ. જીજ્ઞેશભાઇ મારૂ, હરસુખભાઇ વાછાણી, કોન્સ. હસમુખભાઇ બાલધા, કોન્સ. મહેશ પ્રસાદ, કોન્સ. જ્યોતિબેન બાબરીયા, ડ્રા.કોન્સ. સુર્યકાંતભાઇએ આ કામગીરી કરી હતી. આમ ભાગતા ફરતાં ગુનેગારો ગમે એટલા શાતીર હોય પોલીસ તેના સુધી પહોંચી જ જતી હોય છે. તેવુ આ ત્રણ કામગીરીથી વધુ એક વખત ફલીત થયું હતું.

ઓનલાઇન ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી પોતે લંડનની છે તેવુ કહી શરૂઆતમા મીઠી વાતો કરી પછી જાળ બિછાવી

# સુમનની જાળમાં ફસાઈ વેપારીએ ગુમાવ્યા પોણો કરોડ

## ક્રિપ્ટોમાં કમાઇ લેવાની લાલચમાં કોલસાના વેપારી છેતરાઇ ગયાઃ તેમના એકાઉન્ટમાં કરોડોનો નફો દેખાયો, પણ એક રૂપિયોય ઉપાડી શક્યા નહિઃ ઉલ્ટાના ચાર્જના નામે ગઠીયાઓએ વધુ સત્યાસી લાખ માંગ્યા!

**ઠગાઇની બીજી ઘટનામાં ત્રણ યાર્નના વેપારીઓને બે ગઠીયા લગાવી ગયા પોણા બે કરોડનો ચૂનો**

રાજકોટ, તા. ૬

ઓનલાઈન કમાણી કરાવી આપવાના નામે સાયબર ગઠીયાઓ રોજેરોજ લોકોને છેતરી રહ્યા છે. વધુ એક આવા બનાવમાં કોલસાના વેપારી સાથે ગઠીયાઓ ક્રિપ્ટોમાં કમાણી કરાવી આપવાના નામે કારીગીરી કરી અધધધ છાંસઠ લાખ ઉસેડી ગયા છે. વ્હોટ્સએપ ગ્રુપમાં આ વેપારીને ગઠીયાઓએ એડ કર્યા હતાં અને શિકાર બનાવ્યા હતાં. એ પહેલા એક યુવતિએ વેપારીનો ફ્રેન્ડ રીક્વેસ્ટ મારફત સંપર્ક કર્યો હતો અને પોતે લંડનની છે તેવી વાતો કરી બાદમાં તેમને ફસાવ્યા હતા.

વિગતો જોઇએ તો આ કિસ્સો ભાવનગરનો છે. અહિ રહેતાં પચાસ વર્ષીય કોલસા વેપારીને ફેસબુક પર લંડનની યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી. યુવતીએ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણનું કહી, નકલી વેબસાઇટ દ્વારા રૂપિયા પાંસઠ લાખ છન્નુ હજારની છેતરપિંડી કરી હતી. વેપારીએ એટીએમ સીડીએમ દ્વારા પૈસા ટ્રાન્સફર કર્યા હતા. સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર ભાવનગરના વિક્ટોરિયા પાર્ક રોડ પર રહેતા અને કોલસાનો વેપાર કરતા પચાસવર્ષિય વેપારી સાથે ક્રીપ્ટો કરન્સી ટ્રેડિંગના નામે રૂપિયા ૬૫.૯૬ની ઓનલાઈન છેતરપિંડી થતા સાયબર ક્રાઈમ




પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસ સુત્રોએ કહ્યું કે શહેરના વિક્ટોરિયા પાર્ક રોડ પર રહેતા અને કોલસાનો વેપાર કરતા અમિતકુમાર ગિરીશભાઈ દફતરી નામનાં વેપારીને ફેસબુક પર સુમન ગીલ નામની અજાણી યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. યુવતીએ પોતાને લંડનની રહેવાસી ગણાવી હતી. શરૂઆતમાં તો વેપારીને ફ્રેન્ડ બનાવી તેની સાથે વાતો કરી હતી અને બાદમાં વિશ્વાસ જીત્યો હતો. આ પછી કહેવાતી સુમને વેપારીને યુએસડીટી-ક્રીપ્ટોમાં રોકાણ કરવા લલચાવ્યા હતા.

ત્યારબાદ, તેને ૬૩૮. ઇન્વેસ્ટમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન ગૃપ નામના વોટ્સએપ ગૃપમાં એડ કરાયો હતો. ગૃપમાં સભ્યો દ્વારા નફાના ખોટા સ્ક્રીનશોટ મોકલી વેપારીનો વિશ્વાસ જીતવામાં આવ્યો હતો. આ પછી ચીટરોએ કોઇનઈએક્સ નામની એક નકલી વેબસાઈટની લીંક મોકલી વેપારીનું એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં વેપારીને સારો નફો બતાવી વિશ્વાસમાં લેવાયા બાદ, અલગ-અલગ બેંક ખાતા અને એટીએમ/સીડીએમ મારફતે કુલ રૂપિયા ૬૫,૯૬ ,૯૯૮ ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. વેપારીએ જ્યારે પોતાના કરોડો રૂપિયાના નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે વિડ્રો રિક્વેસ્ટ રિજેક્ટ કરી દેવાઈ હતી.

આ પછી તેમની પાસેથી વધુ ૮૩.૭૮ લાખની માંગણી કરવામાં આવી હતી. છેતરાયાનો અહેસાસ થતાં વેપારી અમિતકુમાર ગિરીશભાઈ દફતરીએ સાયબર હેલ્પલાઇન અને ત્યારબાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અન્ય કિસ્સામાં સુરત શહેર યાર્નના વેપારી સાથે દોઢ કરોડથી વધુની ઠગાઇ થઇ હતી. એક વેપારીને બે લેભાગુઓ વેપારીનો સ્વાંગ રચીને મળ્યા હતાં અને કહ્યું હતું કે જો તમે અમારી સાથે યાર્નનો વેપાર કરશો તો તમને મોટો આર્થિક લાભ થશે, એવી લોભામણી વાતો કરી યાર્નના બે લેભાગુ વેપારીઓએ ત્રણ વેપારીઓ પાસેથી યાર્નનો ૧.૬૩ કરોડનો માલ લઈ બારોબાર વેચી મારી ઓફિસ અને ગોડાઉનને તાળાં મારી ફરાર થયા હતાં. આ અંગે યાર્નના વેપારી મિતુલ રૂવાલાએ અઠવાલાઇન્સ પોલીસમાં ફરિયાદ આપી હતી.

જેના આધારે પોલીસે હનુમંત એન્ટરપ્રાઇઝ પ્રોપાઇટરના લેભાગુ વેપારી રતનસીંગ અને લલીત ઉર્ફે કૈલાશ રમણલાલ અગ્રવાલની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. બન્ને આરોપીઓ આંજણા ઉષાનગર ખાતે ધંધો કરતા હતા. પિપલોદના ઇચ્છાનાથ રોડ પર રહેતા અને યાર્નનો વેપાર કરતા ૪૫ વર્ષીય મિતુલ રૂવાલાની રીંગરોડ પર ઇન્ટરનેશનલ કોમર્સ સેન્ટરમાં યાર્નની ઓફિસ આવેલી છે. વેપારીના ઓળખીતા દલાલ મારફતે રતનસીંગ અને લલીત સાથે ઓળખાણ થઈ હતી. બન્ને આરોપીએ વેપારીને યાર્નનો માલ આપશો તો સારો એવો ફાયદો થશે. બન્ને ઠગો પર વિશ્વાસ કરી અલગ અલગ કવોલીટીનો યાર્નનો માલ ૩.૯૦ કરોડ ઉધારીમાં આપ્યો હતો. કુલ ત્રણ વેપારીઓ પાસેથી બન્ને આરોપીઓ ૧.૬૩ કરોડનો ચૂનો લગાવી ભાગી ગયા હતાં.

### ઓનલાઇન તો ઠીક ઓફલાઇન પણ તમે શિકાર બની શકો છોઃ લાલબત્તી સમાન ઘટનાઃ યુવાને જીવ આપ્યો

# કરોડોની લાલચે દેખાડ્યો મોતનો દરવાજો

### કોઠારીયા વિસ્તારમાં રહેતાં યુવાનને તેના જ મકાનના ભાડુઆત મા-દિકરાએ ક્રિપ્ટો-કેનેડા શેરબજારમાં રોકાણ પર બમણાની લાલચ દઇ એક કરોડ ઉસેડી લીધા અને ગાયબ થઇ ગયાઃ પોતાના અને ઉછીઉધારના, લોનથી, દાગીના-કાર ગીરવે મુકીને યુવાને નાણા ધરી દીધા હતાંઃ છેલ્લે ઝેર પી દુનિયા છોડીઃ ઠગાઇ કરી ભાગેલા કોટડા સાંગાણીના મા દિકરા સામે આજીડેમ પોલીસે ગુનો નોંધી ઝડપી લેવા શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૬

ટુંકા રસ્તે કે પછી અલગ અલગ રોકાણ પર માલદાર થઇ જવાના સપના અનેક લોકો જોતા હોય છે. ઓનલાઇઅન આ પ્રકારની લાલચો આપીને અનેક લોકોને શીશામાં ઉતારી ગઠીયા લાખો કરોડો ઉસેડી જતાં હોય છે. જો કે ઘણીવાર રૂબરૂ આવીને પરીચીતો પણ આવી ગઠીયાગીરી કરી જતાં હોય છે. આવી જ ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં રાજકોટના કોઠારીયા વિસ્તારમાં રહેતાં એક યુવાનને તેના જ મકાનમાં ભાડૂઆત તરીકે રહેતાં યુવાન અને તેની માતાએ મળી કેનેડાના શેર બજારમાં, ક્રિપ્ટોમાં રોકાણ કરવાથી કરોડોની કમાણી થશે તેવી લાલચ આપતાં આ યુવાને પોતાની પાસે જે કંઇ હતું એ અને ઠેકઠેકાણેથી, સોનુ, કાર ગીરવે મુકી, પર્સનલ લોનો લઇને, મિત્રો, સાસરીયા પાસેથી ઉછીના લઇને આ મા-દિકરાએ અધધધ એક કરોડ આપી દીધા હતાં. પણ તેની આ લાલચ તેન મોતના દરવાજે લઇગઇ હતી. આ કરોડ મા-દિકરાએ પાછા ન દેતાં યુવાનને આપઘાત કરી લેવાની નોબત આવી હતી. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો એક યુવાનને તેના જ મકાનમાં નીચેના માળે ભાડેથી રહેતાં મા-દિકરાએ મળી કેનેડાની શેર બજારમાં અને ક્રિપ્ટોમાં રોકાણ પર મોટુ વ ળતર મળશે તેમ કહી એક કરોડ રૂપિયા ઉસેડી લીધા હતાં. રોકાણ કરનારા યુવાને વારંવાર પોતાના રૂપિયા પાછા માંગવા છતાં તેને પરત નહિ અપાતાં તેણે આપઘાત કરી લીધો હતો. પોલીસે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ભાગી ગયેલા મુળ કોટડા સાંગાણીના મા-દિકરાને શોધવા દોડધામ શરૂ કરી હતી. વિશેષ વિગતો અનુસાર કોઠારીયા રોલેક્ષ રોડ સરદાર ચોક વિરાણી રેસીડેન્સી-૨, મિલન પાઉભાજી સામે રહેતાં તેત્રીસ વર્ષના ધર્મેશભાઇ વલ્લભભાઇ બારસીતા નામના પટેલ યુવાનની ફરિયાદ પરથી તેના જ ભાડુઆત મુળ કોટડાસાંગાણીના યશ ધીરૂભાઇ લુણાગરીયા અને જોશનાબેન ધીરૂભાઇ લુણાગરીયા સામે ધર્મેશભાઇના નાના ભાઇ ત્રીસ વર્ષના હિતેષભાઇ બારસીતા પાસેથી રોકાણના નામે એક કરોડ મેળવી લઇ પાછા ન આપી હિતેષને મરી જવા મજબૂર કર્યાનો ગુનો દાખલ કર્યો હતો.




આ બનાવ અંગે ધર્મેશભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું બે ભાઇમાં નાનો છું, અમે બંને ભાઇઓ પરીણીત છીએ. અમારે માતા મનિષાબેનના નામનું ત્રણ માળનું મકાન છે. તેમાં નીચેના માળનું મકાન યશ અને તેના માતા જોશનાબેન લુણાગરીયાને ત્રણેક વર્ષથી ભાડેથી આપ્યું હતું. ધર્મેશભાઈના નાના ભાઈ હિતેશભાઈ સાથે ભાડૂઆત યશને મિત્રતા જેવો સંબંધ બંધાયો હતો. આશરે દોઢેક વર્ષ પહેલાં યશ અને તેની માતા જોસનાબેને હિતેશને લાલચ આપી હતી કે જો તેઓ કેનેડાની શેરબજારમાં તેમજ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરશે તો ખૂબ જ મોટું વળતર મળશે.

શરૂઆતમાં હિતેશે રૂ. એક લાખ આપ્યા હતાં.જે ધર્મેશભાઈને જાણ થતાં તેમણે પરત મેળવી લીધા હતા. પણ ત્યારબાદ આરોપીઓએ હિતેશને અંધારામાં રાખી ચા વળતરની મોટી-મોટી લાલચો આપી અલગ-અલગ તબક્કે લાખો રૂપિયા પડાવવાનું શરૂ કર્યું હતું. આરોપી યશ અને તેની માતાએ હિતેશભાઈને પોતાની માયાજાળમાં એવા ફસાવ્યા કે હિતેશે પોતાના ઘરના ૧૬૩ ગ્રામ સોનાના દાગીના અલગ-અલગ ફાઈનાન્સ કંપનીઓમાં ગીરવે મૂકી દીધા હતા.

આ ઉપરાંત પોતાની ટાટા કાર પણ ગીરવે મુકી દીધી હતી તેમજ મિત્રો અને સાસરીયા પક્ષમાંથી પણ ઉછીના નાણાં લાવીને આરોપીઓને આપ્યા હતા. આ ઉપરાંત યશે હિતેષભાઇ પાસે બેંક ઓફ બરોડા, પુનાવાલા ફિનકોર્પ અને ક્રિસ્ત ફાઈનાન્સ જેવી અલગ-અલગ કંપનીઓમાંથી પર્સનલ લોન લેવડાવી હતી અને ઘરના અન્ય ૩૪ ગ્રામ સોનાના દાગીના પણ શિવશક્તિ ફાઈનાન્સમાં ગીરવે મુકાવી દીધા હતા. આમ આરોપી માતા-પુત્રએ હિતેશભાઈ પાસેથી ઓનલાઈન પેમેન્ટ, ક્યુઆર કોડ અને રોકડા સ્વરૂપે કુલ રૂ. એક કરોડ જેવી માતબર રકમ પડાવી લીધી હતી. જ્યારે હિતેશભાઈએ વળતર અને પોતાની મુળ રકમ પરત માંગવાનું શરૂ કર્યું ત્યારે યશ અને તેના માતાએ વાયદાઓ આપવાનું શરૂ કર્યુ હતું.

આરોપીઓ અવારનવાર કહેતા કે-રૂપિયા હમણાં ડબલ થઈ જશે તેમ કહી વધુ રોકાણ કરાવતા ગયા હતાં. છેલ્લે જ્યારે હિતેશભાઈ આર્થિક ભીંસમાં આવી ગયા અને પોતાના નાણાંની આકરી ઉઘરાણી કરી ત્યારે પણ યશ અને તેની માતા જોસનાબેને રૂપિયા આપ્યા નહોતાં. અવાર-નવાર હિતેષભાઇએ તેના પત્નિ મોસમીબેનને કહ્યું હતું કે-આ લોકોને મને ત્રાસ છે, હું હવે આમાંથી નીકળી કે જીવી શકું તેમ નથી. અંતે ગત તારીખ નવમી જુનના રોજ સવારે હિતેશભાઈ પોતાના બેડરૂમમાં બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. તેમણે કોઈ ઝેરી પદાર્થ પી લીધો હોવાનું જણાતા પરિવારજનો તેમને તાત્કાલિક પ્રથમ નક્ષત્ર હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે લેન્ડમાર્ક હોસ્પિટલ, રાજકોટ ખાતે લઈ ગયા હતા. આઈ.સી.યુ. વોર્ડમાં સારવાર દરમિયાન હિતેશભાઈ થોડા ભાનમાં આવતા પોતાનું ઓક્સિજન માસ્ક હટાવી મોટા ભાઈ ધર્મેશભાઈને જણાવ્યું હતું ક-આપણા નીચે ભાડે રહેતા યશ અને તેના મમ્મીના ત્રાસથી મેં આ પગલું ભર્યું છે.

ત્યારપછી સારવાર દરમિયાન તારીખ ચૌદમી જુનના રોજ હિતેશભાઈનું કરૂણ મોત નીપજ્યું હતું. ધર્મેશભાઈ બારસીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે પરિવાર શોકમાં ડૂબેલો હોવાથી અને હિતેશભાઇના પત્નિ મોસમીબેનની સ્થિતિ ફરિયાદ લખાવવાની ન હોવાથી આ ફરિયાદ મોડી નોંધાવવામાં આવી છે. આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલની રાહબરીમાં હેઠળ પીએસઆઇ એમ.જે.વરૂએ યશ લુણાગરીયા અને તેના માતા જોશનાબેન લુણાગરીયા વિરૂધ્ધ વિશ્વાસઘાત અને આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ભાગી ગયેલા આરોપી મા-દિકરાને શોધવા તપાસ શરૂ કરી હતી. આમ રોકાણ પર કરોડો કમાઇ લેવાની લાલચ યુવાનને મોતના દરવાજે લઇ ગઇ હતી.

### આપઘાત, આકસ્મિક, દિલની દગાખોરી, તાવ કારણ બન્યા

# પરિણીતાના પ્રેમમાં નિષ્ફળ યુવાને જીવ દીધો

### લગ્નની ના કહી દેતાં ફ્રુટના ધંધાર્થીએ ફાંસો ખાઇ મોત મેળવ્યુંઃ બીજી ઘટનામાં પાટા ઓળંગતા વૃધ્ધાની જિંદગીની સફર ટ્રેનની ઠોકરે ખતમઃ એક પ્રોઢ, એક વૃધ્ધને દિલે દગો દીધોઃ એક બાળકને તાવ ભરખી ગયો

રાજકોટ, તા. ૬

અપમૃત્યુની કરૂણ ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. એક બનાવમાં પરણેલી યુવતિના પ્રેમમાં પાગલ યુવાનને આ પ્રેમમાં નિષ્ફળતા મળતાં ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

બીજી ઘટનામાં એક વૃધ્ધાના પાટા ઓળંગતી વખતે ટ્રેનની ઠોકરે આવી જતાં મોત થયું હતું. અન્ય બે ઘટનામાં હૃદય રોગના હુમલાથી પ્રૌઢ અને વૃધ્ધના જીવ ગયા હતાં. તો એક આઠ વર્ષના બાળકને તાવ ભરખી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો નવા થોરાળાના રામનગર-૫માં રહેતાં ફિરોઝભાઇ કાદરભાઇ દાતાણી નામના ઓગણત્રીસ વર્ષના યુવાને ઘરે લોખંડની આડીમાં ઓછાડ બાંધી દેહ લટકાવી દેતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં થોરાળા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આત્મહત્યા કરી લેનાર ફિરોઝભાઇ મુળ ધોરાજીનો વતની હતો. હાલ રાજકોટ રહેતો હતો. તે એક બહેનથી મોટો અને અપરિણીત હતો. ફ્રુટ વેંચી ગુજરાન ચલાવતો હતો.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ એક પરિણીત યુવનિ સાથે તેને પ્રેમ હતો. આ પ્રેમસંબંધમાં તેને નિફષ્ળતા મળતાં આ પગલુ ભર્યાનું સગાએ કહ્યું હતું. આધારસ્તંભ દિકરાના મોતથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો તમિલનાડુથી રાજકોટ દિકરીના ઘરે આવેલા વૃધ્ધા ઘંટેશ્વર ૨૫ વારીયા નજીક ટ્રેનની ઠોકરે આવી જતાં મૃત્યુ થયું હતું. મુળ તમિલનાડુના સિત્તેર વર્ષના પ્રતિભાબેન પ્રવિણભાઇ દાવડા આઠેક દિવસ પહેલા રાજકોટ જામનગર રોડ પર નાગેશ્વર સોસાયટીમાં રહેતાં પોતાના દિકરીના ઘરે દાંતની સારવાર માટે આવ્યા હતાં. સવારે તેઓ ઘંટેશ્વર ૨૫ વારીયા નજીક ફાટક પાસે પાટા ઓળંગી રહ્યા હતાં.

આ વખતે બાન્દ્રા-હાપા ટ્રેન આવી જતાં તેની ઠોકરે ચડી જતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં ગાંધીગ્રામના પીએસઆઇ એ. બી. ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પ્રતિભાબેનને સંતાનમાં ચાર દિકરી છે. તેમના પતિ તમિલાડુમાં નાળીયેરનો વેપાર કરે છે. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અન્ય બે અપમૃત્યુની ઘટના જોઇએ તો નાના મવા રોડ જીવરાજ પાર્ક પાસે લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતાં કાંતિભાઇ કાળુભાઇ ચાવડા નામના પચાસ વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ બે બહેન અને ત્રણ ભાઇમાં નાના હતાં અને કારખાનામાં કામ કરતાં હતાં.

સંતાનમાં બે દિકરા છે. જ્યારે કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ પટેલ પાર્કમાં રહેતાં ઇશ્વરલાલ જાદવજીભાઇ ટંકારીયા નામના સિત્તેર વર્ષના વૃધ્ધ સવારે હુડકો ચોકડી રાજલક્ષ્મી સોસાયટી પાસે અનાજ કરીયાણુ લેવા આવ્યા ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડ્યા હતાં. તેમન સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ બે ભાઇમાં મોટા હતાં અને દરજી કામ કરતાં હતાં.

સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસ અને ભક્તિનગર પોલીસને જાણ થતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે પાંચમા બનાવમાં શહેરના એંસી ફુટ રોડ પર કાનાભાઇના મફતીયાપરામાં રહેતો દેવાંશ જગદીશભાઇ અહીરવાર નામનો આઠ વર્ષનો બાળક ઘરે બેભાન થઇજતાં સારવાર માટે ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી બાળકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

મૃત્યુ પામનાર દેવાંશ એક બહેનથી મોટો હતો અને તે દિવ્યાંગ હતો. સગાના કહેવા મુજબ પંદરેક દિવસથે દેવાંશને તાવ આવતો હોઇ દવા લીધી હતી.

પણ તબિયત વધુ બગડતાં સારવાર માટે દાખલ કરાયો હતો. સારવાર કારગત ન નિવડતાં મૃત્યુ થયું હતું. આ બનાવથી મુળ મધ્યપ્રદેશના પરિવારમાં શોક છવાઇ ગયો છે.

મૃતકના પિતા જગદીશભાઇ કારખાનામાં મજૂરી કરી ગુજરાન ચલાવે છે. આમ પાંચ પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

# એક કરોડના એમ્બરગ્રીસ સાથે હીરાઘસુ ઝડપાયો

### કમિશનની લાલચ પડી ભારે,ધોલેરાથી ધરપકડ

રાજકોટ, તા.૬

અમદાવાદ-ભાવનગર હાઈવે પર પીપળી ગામની રાજ ચામુંડા હોટલમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલે ૧.૦૧ કરોડની કિંમતના ૫ ટુકડા એંબરગ્રીસ સાથે મેહુલ ચૌહાણ નામના શખ્સને ઝડપી પાડ્યો છે. વ્હેલ માછલીની ઉલટીમાંથી બનતું આ કિંમતી પદાર્થ પરફ્યુમ અને દવાઓમાં વપરાય છે. પવન કોળી અને પ્રવિણ ચૌહાણ નામના ફરાર આરોપીઓએ તેને કમિશનની લાલચે જથ્થો આપ્યો હોવાનું ખુલ્યું છે. ધોલેરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ-ભાવનગર હાઈવે પર પીપળી ગામ પાસે આવેલી એક હોટેલમાંથી વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ)ના ૫ ટુકડાઓ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ જપ્ત કરાયેલા જથ્થાની બજાર કિંમત આશરે રૂ. ૧,૦૧,૦૦,૦૦૦ (૧.૦૧ કરોડ) જેટલી આંકવામાં આવી છે. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પીપળી ગામ નજીક આવેલી 'રાજ ચામુંડા હોટલ' પર દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન મેહુલ વિક્રમભાઈ ચૌહાણ (રહે. પીપળી ગામ, ધોલેરા) નામના વ્યક્તિને શંકાસ્પદ ઘન પદાર્થના ૫ ટુકડાઓ સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) અને FSLના અધિકારીઓ દ્વારા પ્રાથમિક તપાસ કરાતા આ પદાર્થ કિંમતી એમ્બરગ્રીસ હોવાનું સ્પષ્ટ થયું હતું. ઈલેક્ટ્રિક વજન કાંટા પર આ પદાર્થનું કુલ વજન ૧ કિલો અને ૧૦ ગ્રામ નોંધાયું હતું. પોલીસે પ્રતિબંધિત એમ્બરગ્રીસ અને રોકડા રૂપિયા સહિત કુલ રૂ. ૧,૦૧,૦૧,૮૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપી સામે ધોલેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પૂછપરછમાં સામે આવ્યું કે, આરોપી મેહુલ બે મહિના પહેલા ભાવનગરમાં હીરા ઘસવાનું કામ કરતો હતો. ત્યાં ઓફિસમાં સાથે કામ કરતા પવન કોળી નામના વ્યક્તિએ તેને આ જથ્થો સાચવવા માટે આપ્યો હતો અને તે વેચાયા પછી મોટું કમિશન આપવાની લાલચ આપી હતી. ભાવનગરના પવન કોળી અને તેના મિત્ર પ્રવિણ ચૌહાણના કહેવા પર મેહુલ આ જથ્થો કોઈ ગ્રાહકને આપવા જઈ રહ્યો હતો, તે જ સમયે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. આ કેસમાં સંડોવાયેલા અન્ય ફરાર આરોપીઓની શોધખોળ હાલ ચાલુ છે.

### પરિણીતાઓ સાથે પતિ-સાસરિયાના અમાનુષી વર્તન-ત્રાસની બે ચોંકાવનારી ઘટના

# જેઠાણીના ત્રાસથી દેરાણીનો આતઘાત

### બીજી ઘટનામામાં આડાસંબંધનો વિરોધ કરનાર પરિણીતાને પતિએ કહી દીધું-તું તો મારી બીજી પત્નિ છોઃ સસરાએ સાથ આપવાને બદલે કરી બીભત્સ માંગણીઓઃ બંને કિસ્સામાં પોલીસની આકરી કાર્યવાહી

રાજકોટ, તા. ૬

સાસરીયાઓના ત્રાસને કારણે ઘણી પરિણીતાઓ આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતી હોવાના કિસ્સા અવાર-નવાર સામે આવે છે. વધુ એક આવી ઘટના બની છે જેમાં એક પરિણીતાએ જેઠાણીના ત્રાસથી જીવ દીધો છે. તો બીજી ઘટનામાં બેવફા પતિ અને સસરાના ત્રાસને કારણે તેણીને ફરિયાદ કરવા મજબુર થવું પડ્યું હતું. લગ્ન બાદ આ પરિણીતાને ખબર પડી હતી કે તેના પતિને બીજી કોઇ સાથે લફરૂ છે. જ્યારે તેણીએ વાંધો ઉઠાવ્યો ત્યારે આ બેવફા પતિએ બેખોફ થઇને કહી દીધુ હતું કે તું તો મારી બીજી પત્નિ છો! જ્યારે બીજી ઘટનામાં પરિણીતા માટે સસરા અને પતિ ત્રાસ રૂપ બનતાં તેણીએ પોલીસની મદદ લીધી હતી.

ઘટના પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાંથી મહિલાઓ વિરૂધ્ધ ઘરેલુ હિંસા અને અસહ્ય ત્રાસના બે જુદા-જુદા ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. પ્રથમ ઘટનામાં જેઠાણીના ત્રાસથી દેરાણીએ આત્મહત્યા કરી લીધી છે, જ્યારે બીજી ઘટનામાં છેડતીખોર સસરા અને બેવફા પતિના ત્રાસથી કંટાળી પરિણીતાએ પોલીસના દ્વાર ખટખટાવ્યા છે. શહેરના સરખેજ વિસ્તારમાં ઘરકામ અને રસોઈ બનાવવા જેવી સામાન્ય બાબતોમાં જેઠાણી દ્વારા ગુજારવામાં આવતા અસહ્ય શારીરિક-માનસિક ત્રાસના કારણે એક બાવીસ વર્ષીય પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું છે. આ ચકચારી મામલે સરખેજ પોલીસે મૃતકની જેઠાણી સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

વધુ વિગતો અનુસાર મુળ યુપીના



વતની અને હાલ વડોદરામાં રહેતા અબ્દુલસમદખાન પઠાણની પુત્રી શબાપરવીનના લગ્ન ગયા વર્ષે વડોદરાના મોહમ્મદ નવાજ પઠાણ સાથે થયા હતા. લગ્ન બાદ શબાપરવીન અમદાવાદના ફતેવાડી સ્થિત મકાનમાં પતિ, જેઠ અને જેઠાણી હુમા સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી. પોલીસ ફરિયાદ અનુસાર, જેઠાણી હુમા અવાર-નવાર શબાપરવીન સાથે ઘરકામ અને રસોઇ મુદ્દે નાના-મોટા ઝઘડા કરતી હતી.

તાજેતરમાં પણ રસોઇ બાબતે ભારે વિવાદ થયો હતો, જેમાં ઉશ્કેરાઈને જેઠાણી હુમાએ શબાપરવીનને એટલો ક્રૂર માર માર્યો હતો કે તેની હાથની આંગળી કપાઈ ગઈ હતી. આ હિંસક ઘટના અંગે દેરાણીએ ફોન પર પોતાના પિતાને જાણ કરી હતી. બનાવના દિવસે ફરીથી જેઠાણીએ ભારે કલેશ કરતાં પરિણીતાએ રડતા-રડતા પિતાને ફોન કરી ફરિયાદ કરી અને અધવચ્ચેથી ફોન કાપી નાખ્યો હતો. દીકરીના ડર સભર અવાજથી ચિંતિત પિતાએ સામેથી પાંચ વખત ફોન કર્યો છતાં શબાપરવીને ફોન ન ઉપાડતા, પિતાએ તુરંત જમાઈને ઘરે મોકલ્યા હતા. પતિએ ઘરે જઈને જોયું તો શબાપરવીન ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતી મળી આવી હતી.

બીજી એક ઘટના જોઇએ તો શહેરના મણિનગર પોલીસ મથકે એક તેત્રીસ વર્ષીય પરિણીતાએ સાસરિયાઓ વિરુદ્ધ દહેજ ઉત્પીડન, છેડતી અને જાનથી મારી નાખવાની ધમકીની ગંભીર ફરિયાદ નોંધાવી છે. પરિણીતાએ પોતાના સસરા પર બીભત્સ માંગણીઓ કરવાનો અને પતિ પર અન્ય મહિલા સાથે પ્રેમસંબંધ ધરાવવાનો સનસનાટીભર્યો આક્ષેપ કર્યો છે. ઇસનપુર વિસ્તારમાં રહેતી પરિણીતાએ ગયા વર્ષે મણિનગરમાં રહેતા એક યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નના થોડા મહિના બાદ કડવાચોથના વ્રતના દિવસે પતિ મોડો ઘરે આવતા પત્નિને શંકા ગઈ હતી. પત્નિએ પતિનો મોબાઈલ ચેક કરતાં તે અન્ય એક યુવતી સાથે હોટલોમાં જતો હોવાનો અને પ્રેમસંબંધ ધરાવતો હોવાનો ભાંડો ફૂટ્યો હતો. આ અંગે પૂછતાં પતિ ઝઘડો કરી તેને નોકરની જેમ રાખતો અને છૂટાછેડા આપવાની ધમકી આપતો હતો. એટલું જ નહીં, પતિ અને દિયર એવી દલીલ કરતા કે તે યુવતી જ તેની પહેલી પત્નિ છે અને તું બીજી છો!

આ કિસ્સામાં પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે જ્યારે તે બીમાર હોય ત્યારે સસરા વાત કરવાના બહાને રૂમમાં આવીને તેની છેડતી કરતા હતા અને અવારનવાર બીભત્સ માંગણીઓ કરી પરેશાન કરતા હતા. આ તરફ દિયર અને સાસુ પણ દહેજની માંગણી કરી પરિણીતાને ચાલુ ગાડીમાંથી ફેંકી દેવાની તેમજ જીવતી સળગાવી દેવાની ધમકી આપતા હતા. સાસરિયાના આ રોજના અસહ્ય ત્રાસ અને અત્યાચારથી હારીને આખરે પરિણીતા પોતાના પિયર જતી રહી હતી અને મણિનગર પોલીસ સ્ટેશનમાં પતિ, દિયર, સસરા અને સાસુ સામે કાયદેસરની કલમો હેઠળ ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી.

મનપાનો મહત્વનો નિર્ણય : બુધવારે બાકી રહેલા ઝોનના કામોની રીવ્યુ બેઠક

# મનપાના અટવાયેલા ૯૮ કામો ધમધમશે



ફાયર બ્રિગેડ, ભાદર પાઈપલાઈન, ઉપલાકાંઠે અધ્યતન શાકમાર્કેટ , પૂર્વ ઝોનમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિતના અનેક કામો પ્રાયોરિટીમાં : એક પણ કામ રદ નહીં થાય : પરેશ પીપળીયા

રાજકોટ, તા. ૬

સ્ટેન્ડિંગમાં મંજુર થયેલા એ તમામ ૯૮ કામો કે જેની પ્રગતિ ૨૦ ટકા કે તેનાથી ઓછી છે તે તમામને હાલ સ્થગિત કરી દેવાયા છે. હાલ ક્યાંક ને ક્યાંક આ કામો ના અભ્યાસ બાદ ફરી વખત નિર્ણય લેવામાં આવશે અને તે પછી કામોને શરૂ કરાશે તેવું હાલ જાણવા મળ્યું છે. ક્યા કારણોસર પદાધિકારીઓ દ્વારા આ કામોને અટકાવી દેવામાં આવ્યા છે તેની કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ રાજકીય વર્તુળોમાં હાલ જે ચર્ચાએ જોર પકડ્યું છે તેને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે હાલના નવનિયુક્ત પદાધિકારીઓએ તમામ કામો પર હાલ અભ્યાસ કરી રહ્યા છે કે જેમાં વહીવટ થયાની ચર્ચા જાગી હોય. પદાધિકારીઓ દ્વારા હજુ એ ૯૮ કામો ક્યાં છે તેની કોઈ સ્પષ્ટતા કરી નથી.

મહાનરપાલિકામાં સત્તા રૂઢ થતાંજ મેયરે શંકાસ્પદ પ્રોજેક્ટો નો અભ્યાસ કરી બજેટમાં હેડ થયેલા અને ગત વર્ષમાં સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા જે અમુક ચાલુ થયા છે અને ૨૦ ટકા કામ થયું હોય તેવા પૂર્વ શાસકોએ મંજૂર કરેલા ૮૪૬ કરોડના પ્રોજેક્ટો સ્થગિત કરી દીધા છે. મેયર નેહલ શુકલે ૮૪૬ કરોડના ૯૮ મોટા પ્રોજેક્ટ સ્થગિત કર્યા છે જેમાં મુખ્યત્વે સરકારની અમૃત યોજના તથા સ્વર્ણિમ યોજના અને મનપાના ચાલુ વર્ષના બજેટમાં નાણાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા પ્રોજેક્ટો નો સમાવેશ થાય છે. મેયરે બુદ્ધિપૂર્વક આ કામ એજ એજન્સીને ફરીવાર ન મળે અને અગાઉ ઓન થી અપાયેલ કામ હવે નીચા ભાવથી આવે તે માટે તમામ પ્રોજેક્ટની દરખાસ્ત કમિશનરે ફરી વખત સ્ટેન્ડીંગમાં મંજૂર કરાવવી પડશે તેમ જણાવ્યું છે.

EXCLUSIVE

શહેરના વિકાસને વધુ વેગ આપવા માટે રાજકોટ મહાનગરપાલિકા (મનપા) દ્વારા એક મહત્વપૂર્ણ અને રાહતના સમાચાર સામે આવ્યા છે.

વહીવટી કે અન્ય ટેકનિકલ કારણોસર અગાઉ હોલ્ડ પર મૂકવામાં આવેલા ૯૮ જેટલા વિકાસકામોને હવે તબક્કાવાર પુનઃ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપાના શાસકો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે લોકહિતના આ કામોમાંથી એકપણ પ્રોજેક્ટ રદ કરવામાં આવશે નહીં, પરંતુ પ્રાથમિકતાના આધારે તમામ કામોને વહેલી તકે પૂરા કરવામાં આવશે.

મહાનરપાલિકામાં સત્તા રૂઢ થતાંજ મેયરે શંકાસ્પદ પ્રોજેક્ટો નો અભ્યાસ કરી બજેટમાં હેડ થયેલા અને ગત વર્ષમાં સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા જે અમુક ચાલુ થયા છે અને ૨૦ ટકા કામ થયું હોય તેવા પૂર્વ શાસકોએ મંજૂર કરેલા ૮૪૬ કરોડના પ્રોજેક્ટો સ્થગિત કરી દીધા છે. મેયર નેહલ શુકલે ૮૪૬ કરોડના ૯૮ મોટા પ્રોજેક્ટ સ્થગિત કર્યા છે જેમાં મુખ્યત્વે સરકારની અમૃત યોજના તથા સ્વર્ણિમ યોજના અને મનપાના ચાલુ વર્ષના બજેટમાં નાણાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા પ્રોજેક્ટો નો સમાવેશ થાય છે.

મેયરે બુદ્ધિપૂર્વક આ કામ એજ એજન્સીને ફરીવાર ન મળે અને અગાઉ ઓન થી અપાયેલ કામ હવે નીચા ભાવથી આવે તે માટે તમામ પ્રોજેક્ટની દરખાસ્ત કમિશનરે ફરી વખત સ્ટેન્ડીંગમાં મંજૂર કરાવવી પડશે તેમ જણાવ્યું છે.

મહાનગરપાલિકાના સંપર્ક સુત્રોના જણાવ્યા અનુસાર હાલ જે ૯૮ કામો સ્થગિત કરી દેવામાં આવ્યા છે તેમાંથી ૨૭ જેટલા અત્યંત મહત્વના કામો છે અને હાલ તે પ્રગતિ હેઠળ પણ છે ત્યારે આ કામોની જે યાદી તૈયાર કરવામાં આવી છે તેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે કે શું આ કામોમાં એજન્સીને જે ટેન્ડર આપવામાં આવ્યું હોય તે યોગ્ય છે કે કેમ હાલ આ તમામ ૯૮ કામો પર અધ્યયન અને અવલોકન કરવામાં આવશે અને જરૂરી લાગશે તે પ્રોજેક્ટને ફરી વખત શરૂ કરાશે પરંતુ હાલ આ કામો આગળ નહીં વધે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## પ્રાથમિકતાના આધારે મહત્વના કામો શરૂ થશે

શહેરના અલગ-અલગ વોર્ડ અને ઝોનમાં અટકેલા આ ૯૮ કામોમાંથી જનતાને સીધી અસર કરતા પ્રોજેક્ટ્સને 'પ્રાયોરિટી' લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબના કામોનો સમાવેશ થાય છે:

**– ફાયર બ્રિગેડની સુવિધાઓ:**

શહેરની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત કરવા માટે ફાયર સ્ટેશનો અને તેને લગતી આધુનિક સુવિધાઓનું કામ ઝડપી કરાશે.

**– ભાદર પાઈપલાઈન પ્રોજેક્ટ:**

રાજકોટવાસીઓની પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે ભાદર પાઈપલાઈનનું નેટવર્ક મજબૂત કરવાનું કામ અગ્રતાક્રમે લેવાશે.

**–ઉપલાકાંઠે અત્યાધુનિક શાકમાર્કેટ:**

લાંબા સમયથી પડતર માંગણી સમાન ઉપલાકાંઠા વિસ્તારમાં વેપારીઓ અને ગ્રાહકો માટે હાઈટેક શાકમાર્કેટનું નિર્માણ કાર્ય ફરી શરૂ થશે.

**– પૂર્વ ઝોનમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ:**

પૂર્વ ઝોનના યુવાધનને રમતગમતનું ઉત્તમ પ્લેટફોર્મ મળી રહે તે માટે આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની કામગીરીને વેગ અપાશે.

## એક પણ કામ રદ નહીં થાય : પરેશ પીપળીયા

આ અંગે વિગતવાર માહિતી આપતા મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે, ટેકનિકલ કારણોસર અથવા બજેટરી પ્લાનિંગના ભાગરૂપે જે ૯૮ કામોને થોડા સમય માટે હોલ્ડ પર રાખવામાં આવ્યા હતા, તેને હવે લીલી ઝંડી મળી ગઈ છે. નાગરિકોએ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે આમાંથી એક પણ કામ રદ થવાનું નથી. તમામ પ્રોજેક્ટ્સ તબક્કાવાર રીતે ફરી ધમધમતા થશે જેથી મનપાની તિજોરી પર એકસાથે ભાર ન પડે અને ગુણવત્તાયુક્ત કામ સમયસર પૂરું થઈ શકે.

## અધિકારીઓને કડક સૂચના: સમયમર્યાદામાં કામ પૂરું કરવું પડશે

શાસકો દ્વારા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે જે પણ એજન્સી કે કોન્ટ્રાક્ટરને આ કામો સોંપવામાં આવ્યા છે, તેમણે હવે સુસ્ત વલણ છોડવું પડશે. મનપાના એન્જિનિયરો નિયમિત ધોરણે સાઈટ વિઝિટ કરશે. જો કોઈ કોન્ટ્રાક્ટર કામ શરૂ કરવામાં વિલંબ કરશે તો દંડનીય કાર્યવાહી અથવા બ્લેકલિસ્ટ કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. આ નિર્ણાયક પગલાથી આગામી દિવસોમાં શહેરના ખૂણે-ખૂણે વિકાસકાર્યોની ગતિ બમણી જોવા મળશે તે નક્કી છે.

# ગેરકાયદે રાંધણ ગેસનો ઉપયોગ કરતા ૫૦ વેપારીઓ દંડાયા



જિલ્લા કલેકટરે હાથ ધરી તપાસ : પુરવઠા અધિકારીએ હિયરિંગ કર્યું

રાજકોટ, તા. ૬

વહીવટી વિભાગ અને જિલ્લા કલેકટર દ્વારા સતત એ વાત ઉપર તપાસ હાથ ધરવામાં આવી રહી છે કે કોઈપણ સંજોગે પુરવઠાનો અયોગ્ય ઉપયોગ કરવામાં ન આવે. ત્યારે સતત ચાલતી તપાસ દરમિયાન અનઅધિકૃત રીતે કોમર્શિયલ રાંધણ ગેસનો ઉપયોગ કરતા ૨૫ વેપારીઓ સામે કાયદાકીય પગલા લેવામાં આવ્યા છે અને ખાસ કાર્યવાહી પણ શરૂ કરી છે. આ તમામ ૨૫ વ્યાપારીઓને કલેકર કચેરી ખાતે બોલાવી જિલ્લા પુરવઠા અધિકારીએ હિયરિંગ કર્યું હતું. રાંધણ ગેસનો અનઅધિકૃત રીતે કોમર્શીયલ ઉપયોગ કરનારા ૨૫ જેટલા વેપારીઓ સામે કાયદાનો શિકંજો કસવા માટે કાયવાહી શરૂ કરવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચેના યુધ્ધના પગલે થોડા સમય પૂર્વે ગુજરાત સહિત દેશભરમાં રાંધણ ગેસના પુરવઠા અને પેટ્રોલીયમ પ્રોડકટની તંગી ઉદભવી હતી. જો કે હવે પરિસ્થિતિ થાળે પડી છે. રાંધણ ગેસ અને પેટ્રોલીયમ પ્રોડકટની તંગી દરમિયાન રાજકોટ શહેરના કેટલાક હોટલ, રેસ્ટોરન્ટ સહિત ફરસાણના વેપારીઓએ નિયમોનો ઉલાળીયો કરી રાંધણ ગેસનો કોમર્શીયલ ઉપયોગ શરૂ કર્યો હતો આ બાબત જિલ્લા પુરવઠા તંત્રને ધ્યાને આવતા આ મામલે પુરવઠા તંત્ર દ્વારા હોટલ-રેસ્ટોરન્ટોમાં દરોડા પાડી તપાસણી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૨૫ જેટલા વેપારીઓ ગેસના કોમર્શીયલ સિલીન્ડરોના બદલે રાંધણ ગેસના સિલીન્ડરોનો અનઅધિકૃત રીતે ઉપયોગ કરતા હોવાનું ખુલ્યું હતું. આ તમામ ૨૫ વેપારીઓ સામે પુરવઠા વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. કલેકટર તંત્રના સુત્રોએ આ મામલે જણાવ્યું હતું કે રાંધણ ગેસનો અનઅધિકૃત ઉપયોગ કરનારા સામે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આ વેપારીઓના હિયરીંગ આજે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા કરવામાં આવેલ હતા. આગામી સમયમાં રાંધણ ગેસના ગેરકાયદે થતા ઉપયોગ સામે ઝુંબેશ ચાલુ રહેશે.

# નજીવા વરસાદમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં કાદવ કીચડ

રાજકોટ તા. ૬

હાલ વર્ષાઋતુ ની શરૂઆત થઈ ચૂકી છે અને ધીમીધારે વરસાદ પણ વરસી રહ્યો છે ત્યારે મહાનગરપાલિકાની પ્રેમોન્સુન કામગીરીનો છેદ ઉડ્યો છે અને વિવિધ વિસ્તારોમાં કાદવ કીચડનો ગંજ જોવા મળી રહ્યો છે હવે જ્યારે ચોમાસુ તેની ચરમશીમા પર હશે ત્યારે શું સ્થિતિ થશે તેનો મહાનગરપાલિકાએ હજુ સુધી કોઈ અંદાજ લગાડ્યો ન હોય અને તે પ્રકારનું કોઈ પ્લાનિંગ કર્યું ન હોય તેવું પણ હાલ ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે.

રાજકોટ શહેરમાં લાંબા વિરામ બાદ મેઘરાજાની એન્ટ્રી થતાં જ માત્ર નજીવા વરસાદમાં મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના ધજાગરા ઊડી ગયા છે. રવિવાર રાતથી શરૂ થયેલા સામાન્ય ઝાપટાંના કારણે જ શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને ઝોનના મુખ્ય માર્ગો તેમજ આંતરિક મહોલ્લાઓમાં કાદવ-કીચડનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે. ચોમાસું હજી બરાબર જામ્યું પણ નથી ત્યાં જ સ્માર્ટ સિટી રાજકોટની સડકો કાદવના ખાબોચિયામાં ફેરવાઈ જતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મનપાના ભ્રષ્ટાચાર અને અણઘડ આયોજનના કારણે હાલમાં શહેરના અનેક વિસ્તારોમાં ડ્રેનેજ, ગેસ લાઈન અને કેબલિંગ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. વરસાદ વહેલો આવશે તેવી ચેતવણી હોવા છતાં આ ખોદકામ કરેલા રસ્તાઓનું યોગ્ય મેટલિંગ કે પુરાણ કરવામાં આવ્યું ન હતું. પરિણામે, સામાન્ય વરસાદી પાણી ભરાતા જ આ માટી પીગળીને ચીકણો કાદવ બની ગઈ છે, જેમાં વાહનોના ટાયરો ફસાઈ રહ્યા છે. શહેરમાં કાદવ અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે સોમવારે સવારથી જ ઓફિસે અને કામે નીકળેલા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થવાના અસંખ્ય બનાવો સામે આવ્યા છે.





પ્રિમોન્સૂન કામગીરીનો ઉડ્યો છેદ : વ્યવસ્થા કરવામાં તંત્ર નિષ્ફળ

માત્ર કાદવ જ નહીં, પણ ગટરના ઉભરાતા પાણી પણ આ વરસાદી પાણી સાથે ભળી જતાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે. જો આગામી ૨૪ કલાકમાં મનપા દ્વારા આ કીચડ હટાવીને ડસ્ટિંગ (પાવડર છંટકાવ) કરવામાં નહીં આવે, તો શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો (ડેન્ગ્યુ, મેલેરિયા, ગેસ્ટ્રો) ફાટી નીકળવાની પૂરેપૂરી સંભાવના છે. તંત્ર તાત્કાલિક ધોરણે જેસીબી અને સફાઈ કામદારોની ટીમ ઉતારીને રસ્તાઓ સાફ કરાવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

# લઘુ ઉદ્યોગ પાસે જૂની સ્ટેમ્પ ડ્યુટીની ઉઘરાણી શરૂ

## તંત્રના આ મનસ્વી વલણને કારણે નાના ઉદ્યોગકારોમાં ભારે રોષ અને ચિંતાની લાગણી

રાજકોટ, તા. ૬

રાજ્ય સરકાર એક તરફ 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' અને એમએસએમઈ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની મોટી-મોટી વાતો કરે છે, ત્યારે બીજી તરફ GIDC ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના લઘુ ઉદ્યોગકારોને પાયમાલ કરવા તરફ ધકેલતી નીતિ સામે આવી છે. GIDC દ્વારા ૯૯ વર્ષના લીઝ પર અપાયેલા પ્લોટો પર હવે જૂની તારીખથી કરોડો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે નોટિસો ફટકારવામાં આવતા ઉદ્યોગકારોમાં તીવ્ર અસંતોષ અને આક્રોશ ફેલાયો છે.

જ્યારે સરકારે જ ફાળવણી વખતે કોઈ સ્ટેમ્પ ડ્યુટી જરૂરી નથી તેમ કહીને ૯૯ વર્ષના લીઝ પર પ્લોટ આપ્યા હતા, તો હવે કયા કાયદા હેઠળ જૂની ઉઘરાણી કરવામાં આવી રહી છે? સરકારે લીધેલો આ નિર્ણય નાના ઉદ્યોગોને બંધ કરવા મજબૂર કરશે. આ નોટિસો તાત્કાલિક અસરથી પાછી ખેંચાવી જોઈએ. ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં કાર્યરત લઘુ અને મધ્યમ ઉદ્યોગો હાલમાં એક તરફ મંદી અને મોંઘવારીનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ સરકારના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા વર્ષો જૂની સ્ટેમ્પ ડ્યુટીની રકમો વસૂલવા માટે નોટિસો ફટકારવામાં આવી રહી છે. તંત્રના આ મનસ્વી વલણને કારણે નાના ઉદ્યોગકારોમાં ભારે રોષ અને ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે.



## કરોડોની સ્ટેમ્પ ડ્યુટી જુની તારીખથી ગણતરી મુજબ વસુલ કરવા નોટીસ આપવાનું શરૂ

સરકાર નવી જીઆઈડીસી પણ રેડી-ટુ-યુઝ એટલે કે ઉત્પાદન શરૂ કરી શકાય ત્યાં સુધી સુવિધા આપી રહી છે તે સમયે જ રાજયના સ્ટેમ્પ ડયુટી વિભાગે અગાઉ જે જીઆઈડીસી-ઔદ્યોગીક વસાહતો ઉભી કરાઈ છે. તેના માલીકો પાસે કરોડોની સ્ટેમ્પ ડયુટી જુની તારીખથી ગણતરી મુજબ વસુલ કરવા નોટીસ આપવાનું શરૂ કરતા આ લઘુ-મધ્યમ કદના ઉદ્યોગો નવી ચિંતામાં ફસાયા છે. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન જે જીઆઈડીસી તરીકે ઓળખાય છે. તે ખાસ ઉભી કરાયેલી ઔદ્યોગીક વસાહતોમાં ૯૯ વર્ષના લીઝ પર ઉદ્યોગોને શેડ આપે છે તે અગાઉ કોઈ સ્ટેમ્પ ડયુટી વગર જ ફાળવવામાં આવ્યા છે . અને તે સમયે કોઈ સ્ટેમ્પ ડયુટી ભરવાની જરૂર નથી તે નિશ્ચિત કરાયુ હતું પણ હવે સ્ટેમ્પ ડયુટી વિભાગે ઓચિંતી આ ફાળવણીની વ્યાખ્યા-શરતોનું જુદુ અર્થઘટન કર્યુ છે અને જૂની તારીખથી સ્ટેમ્પ ડયુટી ઉઘરાણી અને તે પણ ૧0% વધારાની પેનલ્ટી સાથે વસુલવા ધડાધડ નોટીસો આપવાનું શરૂ કર્યુ છે અને તેથી લઘુ-નાના ઉદ્યોગો જે હાલ યુદ્ધ સહિતની સ્થિતિના કારણે વ્યાપારીક પડકારોનો સામનો કરી રહ્યા છે. તેઓને નવી ચિંતાનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રકારે રાજયમાં ૨૫000 જેટલા એકમો જે જીઆઈડીસીમાં છે તેને મુશ્કેલી પડશે.

## મુખ્ય વિરોધ અને વિસંગતતાઓ:

– નિયમોની માયાજાળ:
જ્યારે લઘુ ઉદ્યોગકારોને પ્લોટની ફાળવણી (અહહ્ઞળિંયક્ષિ) કરવામાં આવી હતી, ત્યારે તંત્ર દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે ફાળવણી સમયે કોઈ સ્ટેમ્પ ડ્યુટી કે કરારની જરૂર નથી.

– વર્ષો પછી જાગેલું તંત્ર:
જે પ્લોટ ધારકો છેલ્લા ઘણા વર્ષોથી પોતાના ઉદ્યોગો ચલાવી રહ્યા છે અને રોજગારી ઊભી કરી રહ્યા છે, તેમને અચાનક ભૂતકાળની તારીખથી સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે નોટિસો આપી દેવાઈ છે.

– લઘુ ઉદ્યોગો પર આર્થિક હુમલો:
મંદી અને મોંઘવારીના આ સમયમાં, વ્યાજ અને પેનલ્ટી સાથે જૂની સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાનો આ આદેશ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોની કમર તોડી નાખશે.